નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :11 FEBRUARY 2025 | TUESDAY | Page :8 | Year : 2 | Issue :264 | Price: 2/-


સામના મિરર
આજે ફુલગુલાબી બજેટ મંજૂર થશે; કરબોજના બદલે કરકસર પર વધુ ભાર!

આજે ફુલગુલાબી બજેટ મંજૂર થશે; કરબોજના બદલે કરકસર પર વધુ ભાર!

જુઓ પેજ નં.૫

# 25000 કરોડ રૂપિયાથી વધુનું ડ્રગ્સ જપ્ત !

## નશા વિરુદ્ધ ગઈઈ-પોલીસ-એજન્સીની ૨૦૨૪માં મોટી કાર્યવાહી

દેશમાં ગત વર્ષ ૨૦૨૪માં ૨૫ હજાર ૩૩૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરો (ગઈઈ), તમામ રાજ્યોની પોલીસ અને અન્ય તમામ એજન્સીઓ દ્વારા ૨૦૨૪માં જપ્ત કરવામાં આવેલ માદક પદાર્થોના આંકડા જાહેર કરી ગૃહમંત્રાલયે આ માહિતી આપી છે.

૨૦૨૩માં ૧૬ હજાર ૧૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું, જેની તુલનામાં ૨૦૨૪માં ૫૫ ટકા વધુ જપ્ત કરવામાં આવ્યું છે. જપ્ત કરાયેલા ડ્રગ્સમાં સિન્થેટિક, કોકેઈન, સાઈકોટ્રોપિક પદાર્થોના રૂપે ઉપયોગ કરાતી ફાર્માસ્યુટિકલ દવાઓ પણ સામેલ છે. ૨૦૨૩માં ૩૪ ક્વિન્ટલ મેથામફેટામાઈન જપ્ત કરાયું હતું, જ્યારે ૨૦૨૪માં ૮૦ ક્વિન્ટલ જપ્ત કરાયું છે.

આવી જ રીતે ૨૦૨૪માં કોકેઈન ૧૪૨૬ કિલો (૨૦૨૩માં ૨૯૨ કિલો), મેફેડ્રોન ૩૩૯૧ કિલો (૨૦૨૩માં ૬૮૮ કિલો), હશીશની માત્રા ૬૧ ક્વિન્ટલ (૨૦૨૩માં ૩૪ ક્વિન્ટર), psychotropic substancesના નામે દુરુપયોગ થતી ફાર્માસ્યુટિકલની ગોળીઓ ૪.૯૬ કરોડ (૧.૮૪ કરોડ) જપ્ત કરવામાં આવી છે.



### સૌથી મોટું કન્સાઈનમેન્ટ ૩૩૦૦ કિલો ડ્રગ્સનું

ફેબ્રુઆરીમાં એનસીબી, નેવી અને એટીએસ ગુજરાત પોલીસ દ્વારા 'સાગર મંથન-૧' નામનું સંયુક્ત ઓપરેશન હાથ ધરી ભારતના ઈતિહાસાં સૌથી મોટું કન્સાઈનમેન્ટ પકડી પાડ્યું હતું. જેમાં લગભગ ૩૩૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કરાયું હતું, જેમાં ૩૧૧૦ કિલો ચરસ/હાશીશ, ૧૫૮.૩ કિલો ક્રિસ્ટલાઇન પાવડર મેથ અને ૨૪.૬ કિલો શંકાસ્પદ હેરોઈનનો સમાવેસ થાય છે. આ કેસમાં પાંચ શંકાસ્પદ વિદેશી નાગરિકોની અટકાયત કરી હતી.

# દેશના ૧૪ કરોડ નાગરિકો ખાદ્ય સુરક્ષાથી વંચિત : સોનિયા



નવી દિલ્હી : કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ, પાર્ટીના સંસદીય દળના અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ સોનિયા ગાંધીએ સોમવારે વસ્તી ગણતરીની માંગ કરી હતી.

વસ્તી ગણતરી ન થઈ હોવાથી ખાદ્ય સુરક્ષાનો લાભ ૧૪ કરોડ નાગરિકો સુધી ન પહોચ્યો હોવાનો તેમણે આરોપ લગાવ્યો હતો. સોનિયા ગાંધીએ કહ્યું કે, યુપીએ સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા ઐતિહાસિક કાયદો હતો. તેનો ઉદ્દેશ ૧૪૦ કરોડ નાગરિકો માટેખાદ્ય અને પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. તેમણે દાવો કર્યો છે કે, લગભગ ૧૪ કરોડ લોકો ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ મફત અને સબસિડીવાળા અનાજના તેમના લાભોથી વંચિત છે. રાજ્યસભાના ઝીરો અવર દરમિયાન તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ લાભાર્થીઓની ઓળખ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે કરવામાં આવી હતી. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલીવાર દસ વર્ષે કરાતી વસ્તી ગણતરી ચાર વર્ષ કરતા વધુ સમયથી વિલંબિત છે. વસ્તી ગણતરી ૨૦૨૧માં કરવાની હતી. હવે, વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. કોરોના કાળ દરમિયાન જનતાને ભૂખમરાથી બચાવનાર કાયદા મામલે સરકાર નિરસ હોવાનો તેમણે આરોપ લગાવ્યો હતો.


### કોરોના કાળમાં ભૂખમરાથી બચાવનાર કાયદાને સરકારે વસ્તી ગણતરી ન કરાવીને ખોરંભે ચઢાવ્યો



તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# મહાકુંભમાં અવ્યવસ્થા સામે સવાલ



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આયોજીત મહાકુંભમાં જવા માટે લોકોમાં ઉત્સાહ એટલો વધી ગયો છે કે પ્રયાગરાજ જનારા તમામ રોડ પર અનેક કિમી સુધી ટ્રાફિક જામ રહ્યો હતો, કેટલાક દાવા મુજબ આશરે ૩૦૦ કિમી સુધી ૪૮ કલાક સુધી ટ્રાફિક જામી રહ્યો, જેને પગલે લોકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. કેટલાક લોકોએ ટ્રાફિક જામની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા હતા અને તેને વિશ્વનો સૌથી મોટો ટ્રાફિક જામ ગણાવ્યો હતો. રવિવારથી સોમવાર દરમિયાન હજારો લોકો પોતાના વાહનોમાં જ રાત વિતાવવા મજબૂર થયા હતા.

મહાકુંભ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાઇ રહ્યો છે જ્યારે ટ્રાફિક જામની અસર એટલી વ્યાપક હતી કે પાડોશી રાજ્ય મધ્ય પ્રદેશમાં પણ અનેક જિલ્લાઓમાં વાહનોની લાંબી લાઇનો લાગી હતી. મધ્ય પ્રદેશના કટણી જિલ્લાની પોલીસે જાહેર કર્યું હતું કે સોમવાર સુધી ટ્રાફિક જામ રહેશે. રેવા, મૈહર, જબલપુર, કટણી જિલ્લાના રોડ પર વાહનોની લાંબી લાઇનો લાગી હતી. જ્યારે પ્રયાગરાજની આસપાસના તમામ રસ્તાઓ જામ થઇ ગયા હતા. વારાણસી, લખનઉ, કાનપુર, અયોધ્યા સુધી વાહનોની લાઇનો લાગી ગઇ હતી. આસપાસના તમામ રસ્તા પર ભારે ભીડને કારણે પ્રયાગરાજમાં રહેતા લોકોએ પણ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો અને કલાકો સુધી ઘરોમાં રહેવા મજબુર થયા હતા.

મહાકુંભમાં જનારા લોકો વારાણસી પણ જઇ રહ્યા છે જેને પગલે આ ધાર્મિક નગરીમાં પણ ભારે ટ્રાફિકની સમસ્યા ઉભી થઇ રહી છે. ભારે ભીડને કારણે વારાણસીમાં પણ કાર, બસો સહિતના ફોર વ્હીલર વાહનોના પ્રવેશ પર રોક લગાવાઇ છે જેને ૧૨ ફેબ્રુઆરી સુધી લંબાવી દેવાઇ છે. અગાઉ મૌની અમાસના શાહી સ્નાનમાં લાખો લોકો એક સાથે સામેલ થયા હતા જેને કારણે નાસભાગમાં સરકારી આંકડા મુજબ ૩૦ લોકો માર્યા ગયા હતા. હવે ૧૨મી તારીખે માઘ પૂર્ણિમાના પણ લાખો લોકો શાહી સ્નાન કરશે જેને ધ્યાનમાં રાખીને ફરી એક વખત પ્રશાસન એલર્ટ થઇ ગયું છે. કેન્દ્રીય રેલવે મંત્રીએ દાવો કર્યો છે કે લોકોના ભારે ધસારાને ધ્યાનમાં રાખીને મહાકુંભ માટે આઠ રેલવે સ્ટેશનોને એલર્ટ રખાયા છે. સંગમ ક્ષેત્રની આસપાસ રેલવે સ્ટેશનો પર ૧૩ હજાર રેલવે કર્મી તૈનાત કરાયા છે, રવિવારે ૩૩૦ ટ્રેનોમાં સાડા બાર લાખ યાત્રાળુને પ્રયાગરાજ માટે ઉતારવામાં આવ્યા હતા. ભારે ટ્રાફિકને પગલે રેલવે સ્ટેશનને થોડા સમય માટે બંધ રાખવાની જાહેરાત કરાઇ છે. સોમવારે ૧૦ લાખથી વધુ કલ્પવાસી અને ૮૨ લાખથી વધુ તીર્થયાત્રાળુઓએ સંગમ પર સ્નાન કર્યું હતું. બપોરે બે વાગ્યા સુધીમાં સંખ્યા એક કરોડ સુધી પહોંચી ગઇ હતી. આંકડા મુજબ મહાકુંભ શરૂ થયો ત્યારથી લઇને અત્યાર સુધી ૪૩.૫૭ કરોડ લોકો સ્નાન કરી ચુક્યા છે. પ્રયાગરાજના લોકો પરેશાનીમાં મુકાયા છે તેઓએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે અગાઉ અમે અનેક મહાકુંભ જોયા છે પરંતુ ટ્રાફિકની આટલી મોટી સમસ્યા અમે નથી જોઇ, માત્ર એક કિમી દુર જવું હોય તો પણ આઠ કિમી ફરીને જવું પડી રહ્યું છે. સોમવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સંગમમાં સ્નાન કર્યું હતું. એરપોર્ટ પર તેમનું રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સ્વાગત કર્યું હતું જે બાદ રાષ્ટ્રપતિ સંગમ ઘાટ પર પહોંચ્યા હતા અને ડુબકી લગાવી હતી. મહાકુંભ શરૂ થયો ત્યારથી અત્યાર સુધી કરોડો લોકોએ સ્નાન કર્યું હતું, આ યાત્રાળુઓમાં ગર્ભવતી મહિલાઓનો પણ સમાવેશ થાય છે. પ્રાપ્ત આંકડા મુજબ મહાકુંભમાં અત્યાર સુધીમાં ૧૨ બાળકોનો જન્મ થયો છે. કુંભમાં તૈયાર કરાયેલી સેન્ટ્રલ હોસ્પિટલમાં આ બાળકોનો જન્મ થયો હતો. હોસ્પિટલના મુખ્ય ડોક્ટર મનોજ કૌશીકે જણાવ્યું હતું કે તમામ બાળકોની નોર્મલ પ્રસુતી થઇ હતી, વળી કુંભમાં જે બાળકોનો જન્મ થયો તેમને ધાર્મિક નામો પણ અપાઇ રહ્યા છે. રવિવારે ૧૨માં બાળકનો જન્મ થયો હતો, નેહા સિંહ નામની મહિલાએ આ બાળકને હોસ્પિટલમાં જન્મ આપ્યો હતો જેને કુંભ નામ આપવામાં આવ્યું છે. કેટલાક બાળકોના નામ ભોલેનાથ, બજરંગી, નંદી, જમુના વગેરે આપવામાં આવ્યા છે. વસંત પંચમીએ બે બાળકો જન્મ્યા હતા જેમાં એક બાળકી અને બીજા બાળકનો સમાવેશ થાય છે,

# દિલ્હીમાં સીએમ ઉપરાંત બે નાયબ મુખ્યમંત્રીની ભાજપની ફોર્મ્યુલા

## બ્રાહ્મણ–જાટ અને શીખ ચહેરા વચ્ચે પસંદગીઃ સાત સભ્યોનું મંત્રીમંડળ રહેશેઃ અધ્યક્ષપદ માટે પણ ચર્ચા થશે

નવી દિલ્હીઃ પાટનગર શ્રેણીમાં શાસન મેળવનાર ભાજપ માટે હવે બેલેન્સ કરીને નવા મુખ્યમંત્રીની પસંદગી કરવાની રહેશે અને દિલ્હીમાં આ પસંદગીમાં આરએસએસનો પણ અભિપ્રાય લેવાશે. આગામી દિવસોમાં ભાજપના ટોચના નેતાઓ મુખ્યમંત્રી ઉપરાંત બે નાયબ મુખ્યમંત્રી અને વિધાનસભા અધ્યક્ષ ઉપરાંત મંત્રીમંડળની રચના અંગે મળશે.સૂત્રોના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી તરીકે બ્રાહ્મણ ચહેરો તથા નાયબ મુખ્યમંત્રી પદે એક પંજાબી અને બીજો જાટ ચહેરો હશે. ભાજપના સૂત્રો કહે છે કે બિહારની ચૂંટણી આવી રહી હોવાથી દલિતને સીએમ બનાવવાની ફોર્મ્યુલા પર પણ ચર્ચા છે. બ્રાહ્મણ મતોએ ભાજપને વિજેતા બનાવ્યા છે.નેશનલ કેપીટલ રીજયોન તરીકે ઓળખાતા પાડોશી ઉતરપ્રદેશ, રાજસ્થાન અને જીલ્લામાં પણ ભાજપની સરકાર સ્થાનિક મતદારોને સંતોષ આપવા માંગે છે તો શીખ નાયબ મુખ્યમંત્રી બનાવીને પાડોશી પંજાબ, જાટ નાયબ મુખ્યમંત્રી હરિયાણા સહિતના જાટ પ્રદેશોને પણ પ્રતિનિધિત્વ અપાશે.દિલ્હીમાં સાત મંત્રીઓ હશે અને તેઓની પસંદગી પણ એક સાથે જ કરાશે. વડાપ્રધાનના વિદેશ પ્રવાસ બાદ શપથવિધિ થશે. જેમાં ભાજપ શાસનના તમામ રાજયોના મુખ્યમંત્રીઓને આમંત્રીત કરાશે. પરવેશ વર્મા જેણે અરવિંદ કેજરીવાલને પરાજીત કર્યા છે.

તેઓ હાલ ફ્રન્ટ રનર છે. તેઓ જાટ સમુદાયના છે. વિજેન્દ્ર ગુપ્તા વાણીયા છે. પવન શર્મા બ્રાહ્મણ છે. તેમાં એકને સીએમ પદની લોટરી લાગી શકે છે.



# ત્રિવેણીસંગમમાં પવિત્ર સ્નાન કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ : ડુબકી લગાવી

પ્રયાગરાજ, તા.૧૦

મહાકુંભમાં પવિત્ર સ્નાન માટે એક તરફ દેશભરમાંથી લાખો લોકો સતત ઉમટી રહ્યા છે. તે વચ્ચે મહાનુભાવોના આવા-ગમન પણ ચાલુ છે અને આજે રાષ્ટ્રપતિ દ્રૌપદિ મુર્મુ સંગમમાં પવિત્ર ડુબકી લગાવી હતી.

તે સમયે તેમની સાથે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર હતા. રાષ્ટ્રપતિ આજે પ્રયાગરાજ પહોંચ્યા બાદ સીધા હનુમાન મંદિરમાં દર્શનાર્થે પહોંચ્યા હતા.રાષ્ટ્રપતિના આગમન પૂર્વે સમગ્ર વિસ્તારને સુરક્ષા હેઠળ આવરી લેવાયો હતો અને બાદમાં દ્રૌપદિ મુર્મુ ત્રિવેણી સંગમ પહોંચ્યા હતા અને અહીં ખાસ કરીને આ મોસમ દરમિયાન આવતા પ્રવાસી પક્ષીઓને દાણા ખવડાવ્યા હતા અને બાદમાં પવિત્ર સ્નાન કર્યું હતું. આમ વડાપ્રધાન બાદ ઉપરાષ્ટ્રપતિ અને રાષ્ટ્રપતિએ પવિત્ર સ્નાન કરીને સમગ્ર કુંભ તેમની સાથે રાજ્યપાલ આનંદિબેન પટેલ પણ જોડાયા હતા અને રાષ્ટ્રપતિએ લગભગ ૧૦ મીનીટ સુધી ત્રિવેણી સંગમના ઘાટમાં ડુબકી મારવામાં તથા સ્નાન કરવામાં વિતાવ્યો હતો જે

## બોર્ડની પરીક્ષા પૂર્વે પીએમ મોદીએ 'પરીક્ષા પે ચર્ચા'માં છાત્રોને આપી તનાવથી બચવાની ટિપ્સ

# પરીક્ષાનું ટેન્શન લેવાને બદલે ભણતરમાં ધ્યાન કેન્દ્રિત કરોઃ મોદી

**પીએમની વાલીઓ-શિક્ષકોને અપીલ-દરેક બાળક ખાસ હોય છે, તેની અન્ય સાથે તુલના ન કરો, બાળકો પર પ્રેસર ન નાખો તે ખુદ બહેતર બનવાની કોશિશ કરે છેઃ પીએમ મોદી**



નવીદિલ્હી તા.૧૦

બોર્ડના વિદ્યાર્થીઓની પરીક્ષા આવી રહી છે ત્યારે વડાપ્રધાન મોદીએ પરીક્ષા પે ચર્ચામાં વિદ્યાર્થીઓ સાથે પરીનો તણાવ કેમ દુર કરવો તે મુદ્દે ટીપ્સ આપી હતી. આ કાર્યક્રમ દિલ્હીના પ્રગતિ મેદાનમાં ભારત મંડપમમાં યોજાયો હતો.આ તકે વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓ અને શિક્ષકો ઉપસ્થિત હતા. વડાપ્રધાન મોદીએ સૌને સંબોધન કરીને જણાવ્યું હતું કે દરેક બાળક ખાસ હોય છે, તેની બીજા સાથે તુલના ન કરો, બાળકો પર પ્રેસર ન નાખો, બાળક ખુદને પહેલાથી બહેતર કરવાની કોશીશ કરે છે.

પરીક્ષા પહેલા સ્ટ્રેસથી કેવી રીતે બચવું તેવા સવાલ પર મોદીએ જણાવ્યું હતું કે આપના મનની દુવિધાઓને લોકોમાં વહેંચવી શરૂ કરો. આથી મન શાંત થાય છે. સાથે સાથે ઘરના કોઈ સભ્ય સાથે વાત કરો.

વડાપ્રધાન મોદીએ ક્રિકેટરોનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે દબાણ પર ધ્યાન ન આપો સ્ટેડિયમમાં જે રીતે બેટસમેન સ્ટેડિયમમાં નારા અને શોર સામે બેધ્યાન રહે છે અને બોલ પર ધ્યાન કેન્દ્રીત કરે છે એ રીતે છાત્રોએ પણ દબારના બારામાં વિચારવાને બદલે ભણતર પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. વડાપ્રધાને જણાવ્યું હતું કે દરેક બાળકમાં કંઈને કંઈ ખાસિયત હોય છે. સાથે સાથે મોદી પ્રશ્ન પૂછનાર બાળકના ખાસિયતના બારામાં પણ ચર્ચા કરી હતી. વડાપ્રધાને જણાવ્યું હતું કે પરીક્ષા માટે બાળક ખુદને તૈયાર કરે. ચર્ચા દરમિયાન કેરળની એક છાત્રાના દિલ્હીથી પીએમ પ્રભાવિત થયા હતા. મોદીએ છાત્રાને ખાવા-પીવાના બારામાં પણ ટીપ્સ આપી હતી. તેમણે ભોજનને ચાવીને ખાવાની સલાહ આપી હતી.

કમ સે કમ ૩૨ વાર એક કોળીયો, ચાવવાનું તેમણે કહ્યું હતું. કાર્યક્રમ દરમિયાન એક છાત્રે પૂછયું કે સારા નેતા કેવી રીતે બનાય? જેના જવાબમાં મોદીએ કહ્યું હતું કે ટીમ વર્ક અને ધીરજ સારા નેતા બનવાના મુખ્ય ગુણ છે. આપણા સાથીઓનું સમર્થન કરવું અને તેમની પરિસ્થિતિઓને સમજવી મહત્વનું છે. નેતૃત્વ કોઈ પર થોપી ન શકાય. બિહારના એક છાત્રે લીડરશીપ શું છે તેવો સવાલ પૂછતા મોદીએ મજાકિયા અંદાજમાં જવાબ આપ્યો હતો કે બિહારના છાત્ર છો અને રાજનીતિ સાથે જોડાયેલ સવાલ ન હોય તો તે હોઈ જ ન શકે. પીએમ મોદીએ કહ્યું હતું કે આપના વિશ્વાસથી લીડરશીપને બળ મળે છે.

# ફેબ્રુઆરીના આરંભમાં જ હિમાલય પરથી બરફની સફેદ ચાદર ગાયબ!

**અનેક શિખરો દેખાઈ રહ્યા છે કાળાઃ ગ્લોબલ વોર્મિંગ અને પશ્ચિમી ડિસ્ટર્બન્સની ઓછી સક્રિયતા મોટું કારણ**



પિથોરાગઢ તા.૧૦

પિથોરાગઢ જિલ્લા સાથે જોડાયેલા હિમાલયના પંચાચૂલીની સાથે સાથે અનેક શિખરો પરથી આ વખતે ફેબ્રુઆરી મહિનામાં જ બરફ ગાયબ થઈ ગયો છે. બરફની ચાદર જ શિખરો પર આખું વર્ષ ઢંકાયેલી રહે છે ત્યાં બરફ ગાયબ થઈ જવાથી શિખરો કાળા દેખાઈ રહ્યા છે. વૈજ્ઞાનિકોએ આની પાછળ ગ્લોબલ વોર્મિંગ અને પશ્ચિમી ડિસ્ટર્બન્સની ઓછી સક્રીયતાને કારણ માન્યુ છે. સીમાંત જિલ્લાઓ દારમા, વ્યાસની સાથે મુનસ્યારી સુધીના હિમાલયી રેન્જમાં આ વખતે નહીંના બરાબર માત્ર બે વખત જ બરફવર્ષા થઈ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ડિસેમ્બર અને જાન્યુઆરીમાં સીમાંત જિલ્લાના હિમાલયી ક્ષેત્રમાં ૧૪થી વધુ વાર હિમવર્ષા થઈ હતી. ત્યારબાદ ૨૦૨૨-૨૩ના ડિસેમ્બરથી જાન્યુઆરીમાં બરફવર્ષા માત્ર ૪ વાર જ થઈ હતી. આ વખતે તેમાં ઘટાડો થયો છે.ડીઆરડીઓના વરિષ્ઠ વૈજ્ઞાનિક હિમાલયી હવામાનના જાણકાર ડો. હેમંત પાંડે હિમાલય ક્ષેત્રમાં ગ્લોબલ વોર્મિંગની અસરને પણ આનું મોટું કારણ જણાવે છે. આ વખતે મુનસ્યારીનું તાપમાન જાન્યુઆરી મહિનામાં અધિકતમ ૧૮ ડીગ્રી સુધી નોંધાયું હતું. વ્યાસ અને દારમામાં પણ તાપમાનમાં વધારો જોવા મળ્યો હતો. અગાઉ જ હિમાલયી ક્ષેત્રમાં ઓછી બરફવર્ષા થઈ રહી છે. હવે શિયાળામાં તાપમાનમાં થયેલા વધારાથી બરફ ઝડપથી પીગળી રહ્યો છે. સિનિયાખોલા અને કોટેરા ક્ષેત્રના જંગલો અનેક કલાકો સુધી સળગતા રહ્યા હતા. શનિવારે આખી રાત અહીંના જંગલોમાં આગની જવાળાઓ ઉઠતી રહી. આથી વન સંપત્તિને ઘણું નુકશાન થયું હતું. વન વિભાગની ટીમે હવે આગ બુઝાવી દીધી છે. જેથી ગામ લોકોએ રાહતની લાગણી અનુભવી છે. શનિવારે વિસ્તારના મુખ્યાલયના સિનિયાખોલા અને કોટેરા ક્ષેત્રોના જંગલમાં દવ લાગ્યો હતો.

# મહાકુંભમાં ફરી 'મહાભીડ' : વિશ્વનો સૌથી મોટો ટ્રાફિક જામ



દુનિયાના સૌથી મોટા ધાર્મિક મેળાવડામાં શ્રદ્ધાળુઓનો મહાસાગરઃ મધ્યપ્રદેશથી જ વાહનો રોકી દેવાયા : કલાકો - આખો દિવસ ટ્રાફિક જામમાં ફસાયેલા લોકો બેહાલ : ખાવા - પીવાના સાંસા : ૨૦ - ૨૫ કીમી પગપાળા જવાની નોબત

પ્રયાગરાજ,તા.૧૦

દુનિયાના સૌથી મોટા ધાર્મિક મેળાવડા એવા પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં વધુ એક વખત મહાભીડને કારણે હાલત બેકાબૂ બનતા દુનિયાનો સૌથી મોટો ૩૦૦ કીમીનો અભૂતપૂર્વ ટ્રાફીક જામ સર્જાયો છે. વાહનોને અધવચ્ચે જ રોકી દેવામાં આવતા કલાકો સુધી ફસાયેલા શ્રદ્ધાળુઓને ખાવા પીવાના સાંસા પડયા છે અને ૨૦-૨૫ કીમી પગપાળા જવાની નોબત આવી છે. અભૂતપૂર્વ ભીડને કારણે સંગમ સ્ટેશન ૧૪ ફેબ્રુઆરી સુધી બંધ કરી દેવાની જાહેરાત કરવામાં આવી છે.મહાકુંભમાં રવિવારથી ફરી માનવ મહાસાગર ઉમટી પડયો હતો અને લાખો-કરોડો શ્રદ્ધાળુઓ ઉમટતા મહાભીડની હાલત સર્જાઈ હતી. સંગમ સ્ટેશને મોટી ભીડને પગલે કંટ્રોલરૂમને એલર્ટ કરાયો હતો અને તાત્કાલીક સ્ટેશન બંધ કરી દેવામાં આવ્યુ હતું. ૧૪મી સુધી સ્ટેશન બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો.યાત્રાળુઓને પ્રયાગરાજ જંકશન, કાકામઉ તથા પ્રયાગ સ્ટેશન મોકલવાની જાહેરાત કરવામાં આવી હતી. મહાકુંભના તમામ માર્ગો હકડેઠઠ થયા હતા. પોલીસ દ્વારા ડાઈવર્ઝન પ્લાન લાગુ કરીને અન્ય ૪૪ ઘાટો પર લોકોને મોકલવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ હતુ. ભીડને અંકુશમાં લેવામાં તંત્રને પરસેવો છુટ્ટી ગયો હતો.મહાભીડને ધ્યાને રાખીને પાડોશી રાજયોમાં પણ તંત્રોને એલર્ટ કરી દેવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશમાંથી જ વાહનોને અટકાવી દેવામાં આવ્યા હતા. પરિણામે વિશ્વનો સૌથી મોટો ટ્રાફિક જામ સર્જાયો હતો. હાઈવે સહિતના માર્ગો પર ૨૦૦થી૩૦૦ કીમી સુધી વાહનોના થપ્પા લાગ્યા હતા.મધ્યપ્રદેશના જુદા-જુદા જીલ્લાઓમાં વાહનોને રોકી દેવાયા હતા. સોમવાર સુધી વાહનોને આગળ નહીં જવા દેવાય તેવી જાહેરાત કરીને પોલીસે સુરક્ષિત સ્થાનો એ શરણ લેવા માર્ગદર્શિકા જાહેર કરી હતી. કતની, જબલપુર, મૈહાર તથા રેવા જીલ્લામાં હજારોની સંખ્યામાં કાર, ટ્રક, બસ સહિતના વાહનો ખડકાઈ ગયા હતા.

# કેજરીવાલ એક્શનમાંઃ પંજાબના 'આપ'ના ધારાસભ્યોને દિલ્હી બોલાવાયા

## ૨૦ જેટલા ધારાસભ્યો અમારા સંપર્કમાં હોવાના કોંગ્રેસના નેતાના વિધાન બાદ નવી રાજકીય ગરમીઃ ભાજપ કહે છે માનને હટાવીને કેજરીવાલ ખુદ જ મુખ્યમંત્રી બની જશે



નવી દિલ્હી, તા.૧૦


પાટનગરની યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને પરાજય બાદ હવે તેની આફટર ઈફેકટ શરુ થઇ ગઇ છે અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે હવે પંજાબમાં તેમની સરકાર સામે કોઇ જોખમ ઉભું થાય તે પૂર્વે જ તા.૧૧ના રોજ પંજાબમાં 'આપ'ના ધારાસભ્યોને દિલ્હી બોલાવાયા છે અને તેની સાથે પંજાબના રાજકારણમાં પણ ગરમી શરુ થઇ ગઇ છે.

બીજી તરફ ભાજપે આરોપ મુકયો છે કે પોતાનો પરાજયનું ઢીકરુ પક્ષ માથે ફોડવા કેજરીવાલે તૈયારી કરી છે અને હવે તેઓ પંજાબના મુખ્યમંત્રી પદે ભગવતસિંહ માનને હટાવશે. પરાજયના ૨૪ કલાકમાં જ કેજરીવાલે જે રીતે પંજાબમાં એક્શન શરુ કર્યા છે તે પણ આશ્ચર્યજનક છે. સુત્રોના જણાવ્યા મુજબ જો કે કેજરીવાલ ખાસ કરીને તેના ધારાસભ્યો સામુહિક રીતે પક્ષ ન છોડે તેની ચિંતા કરી રહ્યા છે.

હાલમાં જ પંજાબ કોંગ્રેસના નેતા પ્રતાપસિંહ બાજવાએ એવું વિધાન કર્યું હતું કે આમ આદમી પાર્ટીના ૨૦ જેટલા ધારાસભ્યો અમારા સંપર્કમાં છે અને પંજાબમાં આપની સરકાર હવે દિવસોની મહેમાન છે. તે બાદ કેજરીવાલે જે રીતે તાત્કાલીક પંજાબના ધારાસભ્યોને બોલાવ્યા તે પણ સૂચક છે. પંજાબમાં ૨૦૨૭માં ધારાસભા ચૂંટણી યોજાઇ રહી છે.

# આજે ફુલગુલાબી બજેટ મંજૂર થશે; કરબોજના બદલે કરકસર પર વધુ ભાર!

## ચૂંટણી વર્ષમાં મનપા ભાજપ શાસકો ખરેખર 'લીવેબલ' અંદાજપત્ર આપવાની તરફેણમાં : લોકસેવાઓ વધુ સરળ બનાવાશે : મંગળવારે સવારે સ્ટે.કમીટીની મીટીંગ બોલાવતા ચેરમેન જયમીન ઠાકર



રાજકોટ, તા. ૧૦

મ્યુનિ. કમિશ્નર તુષાર સુમેરાએ ગત તા.૩૧ જાન્યુઆરીના રોજ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬નું ૩૧૧૨.૨૯ કરોડનું ડ્રાફ્ટ અંદાજપત્ર સ્ટે.કમીટીમાં રજૂ કરીને રાજકોટની પ્રજા પર ૧૫૦ કરોડનો કરબોજ વધારો સૂચવ્યો હતો. પરંતુ ચૂંટણી વર્ષમાં ભાજપ શાસકોએ કોઇ કરમાં વધારો ન કરવાનું મન બનાવીને, આવકના સ્ત્રોત મજબુત કરવા સાથે કરકસરના પગલા વધારવા પણ નિર્ણય લીધાના સંકેત મળ્યા છે.

આજે તા.૧૧ના મંગળવારે સવારે ચેરમેન જયમીન ઠાકરે સ્ટે.કમીટીની મીટીંગ બજેટ મંજૂર કરવા બોલાવી છે. જેમાં આ કરબોજ નામંજૂર કરવામાં આવશે તેવા સંકેત શનિવારે જ શહેર અને પ્રદેશ ભાજપ નેતાઓએ આપી દીધા હતા. હવે કાલની મીટીંગમાં 'લીવેબલ રાજકોટ'ની થીમવાળા અંદાજપત્રને લોકપ્રિય રીતે મંજૂર કરાશે.આ બજેટ હળવુ અને ફુલગુલાબી હશે તેવા સંકેત ચેરમેન જયમીન ઠાકરે પણ આપ્યા છે. ઘણા અધિકારીઓને મળતી મોટર કારની સુવિધા બંધ થઇ શકે છે. કમિશ્નરના બજેટમાં ફુલગુલાબી યોજનાઓના બદલે વાસ્તવિક કામો અને લોકોને મળતી સેવાઓ સુધારવાના ઈરાદા સાથે ૧૫૦ કરોડના કરબોજની દરખાસ્તો મૂકાઇ હતી. જેના પર પાંચેક દિવસ સ્ટે.કમીટીએ અભ્યાસ કર્યો હતો.

કોર્પો.ની નવા નાણાંકીય વર્ષથી નવી સફાઇ વ્યવસ્થાથી માંડી અનેક મહેસુલી ખર્ચ વધવાના છે. ગેમ ઝોન અગ્નિકાંડ બાદ નવા ફાયર સ્ટેશનો, નવા સાધનો અને વાહનોની ખરીદી સહિતના આયોજન સાથે પ્રથમ વખત ફાયર ટેકસ મુકવા પણ વિચાર રજૂ કરાયો હતો. રાજકોટમાં નવો ૫૫ કરોડનો ફાયર ટેકસ, ગાર્બેજ કલેકશનમાં ૫૫ કરોડ અને મિલ્કત વેરામાં ૪૦ કરોડનો વેરો વધારવા ભલામણ કરવામાં આવી હતી.હવે આ નવા વર્ષના બજેટ સાથે કમિશ્નરે ૨૦૨૪-૨૫ના અંદાજપત્રનો રીવાઇઝ અંદાજ ૨૮૩૧.૯૧ કરોડ મૂકયો છે. તેમાં રાજકોટના મિલ્કત ધારકો પર ગાર્બેજ કલેકશન, પ્રોપર્ટી ટેકસમાં વધારો કરવા સાથે અગાઉ કાર્પેટ એરીયાના અમલ સાથે નાબુદ થયેલો ફાયર ટેકસ ફરી મૂકવા વાત રજૂ કરાઇ હતી. ઘરે ઘરે કચરા એકત્રીકરણનો ચાર્જ રહેણાંકમાં રૂા. ૩૬૫ અને બિનરહેણાંકમાં ૧૪૬૦ છે. હવે તે રહેણાંકમાં રૂા. ૧૪૬૦ અને બિન રહેણાંક ૨૯૨૦ કરવા પ્રસ્તાવ મૂકાયો છે.મિલ્કત વેરામાં પ્રતિ ચો.મી. દર રૂા. ૧૧માંથી રહેણાંકમાં રૂા. ૧૫ અને બિનરહેણાંકમાં રૂા. ૨૫માંથી રૂા. ૩૦ કરવા દરખાસ્ત કરાઇ છે. ચાલુ વર્ષથી પ્રથમ વખત ફાયર ટેકસ લાગુ કરાશે જેનો દર રહેણાંકમાં રૂા. ૧૫ અને બિનરહેણાંકમાં રૂા. ૨૫ હશે. આ તમામ કરવેરા વધારા સાથે રૂા.૧૫૦ કરોડની વધારાની આવક ઉભી કરવા અંદાજ મૂકાયો છે. દરમ્યાન આ બજેટનો અભ્યાસ ગત સપ્તાહે સ્થાયી સમિતિએ પૂરો કર્યો હતો. શનિવારે મેયર બંગલા ખાતે ભાજપ સંકલનના નેતાઓએ બજેટને આખરી ઓપ આપ્યો હતો. ચૂંટણી વર્ષમાં કરબોજ વધારવાનું લગભગ કોઇને મુનાસીબ લાગ્યું ન હતું. પરંતુ વધતા ખર્ચને પહોંચી વળવા કરકસરના ઘણા પગલા વિચારવામાં આવ્યા છે.

અન્ય આવકના અંદાજો મજબુત કરવા પર ભાર મૂકાયા છે. છતાં એકંદરે કેટલાક નવા કામો મૂકીને કમિશ્નરે રજૂ કરેલી થીમ પ્રમાણે લોકોને લાગુ પડતી સિવિક સેન્ટર અને આધાર કેન્દ્ર સહિતની સેવાઓ વધુ સરળ બનાવવાના રસ્તા પણ ચેરમેને તૈયાર કર્યાનું જાણવા મળ્યું છે.

### કોર્પો.નું બજેટ અને ડિજીટલાઇઝ રેકર્ડ

- ૨૦૨૧થી ૨૦૨૩ના બજેટ, વાર્ષિક હિસાબો, ડિજીટલ રેકર્ડને મંજૂરી,
- ધિરાણને મંજૂરી
- ૨૦૨૫-૨૬ માટે સામાન્ય કર અને શિક્ષણ કર
- ૨૦૨૫-૨૬ માટે પાણીના દર
- ૨૦૨૫-૨૬ માટે ખુલ્લા પરના ટેકસ
- ૨૦૨૫-૨૬ માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ટેકસ
- ૨૦૨૫-૨૬ માટે વાહન કર
- ૨૦૨૫-૨૬ માટે થિયેટર ટેકસ
- ૨૦૨૫-૨૬ માટે દર વર્ષની જેમ વેરા વળતર યોજના
- ૨૦૨૫-૨૬ માટે ઓનલાઇન પેમેન્ટમાં વળતર
- ૨૦૨૫-૨૬ માટે ઇન્વાયરમેન્ટ ચાર્જ
- ૨૦૨૫-૨૬ માટે નવો ફાયર કર

# ઓનલાઈન સટ્ટામાં ૨૦ લાખ હારી જતા પોલીસની ઓળખ આપી યુવાનનું અપહરણઃ બેફામ માર માર્યો

## ઓડિયો કલીપ, વીડિયો વાયરલ શાકભાજી વેંચતા રામેશ્વર સોસાયટીના રવિ ધ્રાંગીયાની ફરિયાદ પરથી ભાર્ગવ ચોટલીયા, ધ્રુવરાજસિંહ સહિત ચાર આરોપી સામે ભક્તિનગર પોલીસે ગુનો દાખલ કર્યો

રાજકોટ, તા.૧૦

ઓનલાઈન સટ્ટામાં ૨૦ લાખ હારી જતા પોલીસની ઓળખ આપી યુવાનનું અપહરણ કરાયું હતું અને બેફામ માર માર્યો હતો. ધ્રુવરાજસિંહ નામના યુવકે સાયબર ક્રાઈમ પોલીસના કર્મચારી તરીકે ઓળખ આપી યુવકના ભાઈને ફોન પર ધમકાવ્યો હતો. જોકે ભક્તિનગર પોલીસના પીએસઆઈએ ફોનમાં વાત કરતા ભાંડો ફૂટ્યો હતો. જેની ઓડિયો કલીપ સામે આવી છે અને અપહરણનો વીડિયો પણ વાઈરલ થયો છે.

ભક્તિનગર પોલીસે નોંધેલી ફરિયાદમાં રવિભાઈ રમેશભાઈ ધ્રાંગીયા (જાદવ) (ઉ.વ ૨૫, રહે. રામેશ્વર સોસાયટી નં.૯, નાણોદા સ્કુલ પાસે, ખોડીયાર પાનની સામે રાજકોટ)એ જણાવ્યું કે, હું મારા માતા-પિતા સાથે રહું છું. શાકભાજી વેચવાનો કામ ધંધો કરું છું. અમે બે ભાઈઓ છીએ. મારા લગ્ન થયેલ નથી. હું ધો.૧૨ સુધી ભણેલ છું. તા.૮/૨/૨૦૨૫ ના રોજ રાત્રીના





આશરે સાડા દશેક વાગ્યે હું તથા મારા કાકાના દિકરા અશોકભાઈ ભરતભાઈ જાદવ અમે બંને સહકાર મેઈન રોડ ઉપર જે માડી ચા ની હોટલે ગયેલ અને હોટલ આગળ બેઠા હતા.તે દરમ્યાન આશરે સાડા અગીયારેક વાગ્યે ભાર્ગવ ચોટલીયા (રહે.ગોકુલનગર રાજકોટ) એક્ટિવા સ્કૂટર પર આવેલ.

હું આશરે બે વર્ષથી ઓનલાઈન આઈ.ડી.માં કસીનો જુગાર રમતો હોય અને છેલ્લા છએક મહીનાથી ભાર્ગવ ચોટલીયાના સંપર્કમાં આવેલ જેથી ભાર્ગવ પાસેથી મેં તેનું આઈ.ડી. લઈ રમતો હતો. જેથી મારે ભાર્ગવને રૂ.૨૦ લાખ આપવાના હતા. જેથી ભાર્ગવ મારી પાસે આવી ઓનલાઈન જુગારના બાકીના રૂ.૨૦ લાખની ઉઘરાણી કરેલ.

ત્યાં એક અજાણ્યો માણસ બાઈક લઈને આવ્યો. ભાર્ગવ પાસે આવીને ઉભો રહેલ, આ બંને એ મને કહેલ કે, તને ઘણા સમયથી શોધીએ છીએ. ત્યાં જ બીજા એક્સેસ સ્કૂટર પર બીજા બે અજાણ્યા લોકો આવ્યા. મને કહેલ કે, તારે રૂ.૨૦ લાખ આપવાના છે. આપી દે અને ફજેતી ન કરવી હોય તો અમારી સાથે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન આવ નહીતર હું ગાડી બોલાવીશ.

દરમ્યાન એક્સેસમાં આવેલ લોકોએ હાથ પકડી મને પરાણે એક્સેસ ગાડીમાં વચ્ચે બેસાડી દિધેલ અને કાળા શર્ટ વાળા અજાણ્યા શખ્સે ગાડી ચલાવતા પાછળ વાળાને ધ્રુવરાજ કહીને બોલાવેલ. જેથી ગાડીમાં મારી પાછળ બેસેલ ધ્રુવરાજ હતો તેવી જાણ થઈ. આ ચારેય મને રેસકોર્ષ ખાતે બહુમાળી ચોકથી આગળ લઈ આવેલ. જ્યાં રોડની સાઈડમાં મને ઉભો રાખેલ.

મને પટ્ટાથી અને ઢીકાપાટુનો માર મારેલ. ધ્રુવરાજએ મારાં હાથની આંગળી વાળી દીધેલ. તે વખતે જ ધ્રુવરાજને કોઈનો ફોન આવેલ. જેથી ભાર્ગવ તથા બીજા બાઈક વાળા અજાણ્યા માણસો ત્યાથી જતા રહેલ. ધ્રુવરાજ તથા કાળા શર્ટ વાળો અજાણ્યો માણસ મને એક્સેસ ગાડીમાં વચ્ચે બેસાડી ફરીથી રેસકોર્સ બાલ ભવનના ગેટ સામે લઈ ગયેલ. ફરીથી ભાર્ગવ તથા તેની સાથે રહેલ અજાણ્યો માણસ આવેલ.

## નંદનવન સોસાયટીમાં ઘર પાસે શાકભાજી ખરીદી રહેલ વૃધ્ધાના ગળામાંથી સોનાના ચેઈનની તફડંચી

રાજકોટઃ નંદનવન સોસાયટીમાં ઘર પાસે શાકભાજી ખરીદી રહેલ વૃધ્ધાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરી બાઈકમાં ધસી આવેલા બે શખ્સો ફરાર થઈ જતા પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો હતો.બનાવ અંગે કાલાવડ રોડ પર નંદનવન સોસાયટીમાં રહેતા જેન્તીબા સહદેવસિંહ વાળાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે તેઓ ગઈ તા.૮ના સાંજના સમયે તેમના ઘર પાસે વોકીંગ કરતા હતા.ત્યારે ઘરની બાજુમાં પંચરત્ન ટાવરના ગેટ પાસે એક શાકભાજીની લારી વાળો ઉભો હતો અને તેણી ત્યાં શાકભાજી લેવા ઉભા રહેલ તે દરમ્યાન તેમના ગળામાંથી કઈક ખેંચાણુ હોય તેવું લાગતા તેઓએ જોતા ગળામાં પહેરેલ સોનાનો ચેન ૨ તોલાનો ખેંચીને એક બાઈકમાં આવેલા બે અજાણ્યા શખ્સોએ મોઢામાં રૂમાલ બાંધેલ હતો. બન્ને શખ્સો બાઈકમાં ફરાર થઈ ગયા હતા. જે બાદ તેણીએ પરીવારને જાણ કરી ફરીયાદ નોંધાવેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિ. પોલીસની ટીમે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આદર્યો હતો.

## ચાલુ સપ્તાહમાં 'ડબલ ઋતુ' અનુભવાશે : બપોરે ગરમી અને સવાર - સાંજ ઠંડક રહેશે

### તા.૧૫ બાદ તાપમાન ક્રમશ : વધશે : મહત્તમ તાપમાન ૩૫ થી ૩૭ ડિગ્રી વચ્ચે નોંધાશે



રાજકોટ,તા.૧૦

છેલા બે દિવસથી પવનની દિશા ફરી બદલાઈ છે.અને હાલમાં ઉત્તર-પશ્ચિમના પવનો ફુકાઈ રહ્યા છે. ત્યારે, ચાલુ સપ્તાહ દરમ્યાન ડબલ ઋતુનો અનુભવ થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.સવાર અને સાંજનાં સમયે ઠંડક તથા બપોરનાં સમયે ગરમી અનુભવાશે.

ચાલુ સપ્તાહ દરમ્યાન બપોરે ૩૦ થી ૩૫ ડિગ્રી તાપમાન નોંધાશે.જયારે સવારે અને સાંજનાં સમયે ૧૫ થી ૧૭ ડિગ્રી તાપમાન સાથે સામાન્ય ઠંડક અનુભવાશે દરમ્યાન આજરોજ પણ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ગુજરાતમાં ડબલ ઋતુ અનુભવાઈ હતી.

આજે બપોરે ૨.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૩૨ ડિગ્રી નોંધાયુ હતું, જયારે હવામાં ભેજ ૨૪ ટકા રહ્યો હતો.અને પવનની ઝડપ ૮ કી.મી.પ્રતિકલાક રહી હતી.વધુમાં હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ તા.૧૫ બાદ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં તાપમાન ક્રમશઃ વધશે અને આકરો તાપ અનુભવાશે.ખાસ કરીને બપોરનાં સમયે અનેક સ્થળોએ તાપમાન ૩૫ થી ૩૭ ડિગ્રી વચ્ચે નોંધાશે જો કે તા.૧૫ બાદ ગરમી વચ્ચે પણ ઠંડીનો એકાંદ નાનો રાઉન્ડ આવી શકે છે. તેવી શકયતા પણ હવામાન વિભાગે દર્શાવી છે.

## શાકભાજીના ભાવ તળીયે : એક મહિના પૂર્વે રૂ.૫૦ થી ૧૦૦ના કિલોના હવે રૂ.૫ થી ૨૦

### ટમેટા, કોબીજ જેવા શાકભાજી કરતા તો પશુનો ઘાસચારો મોંઘો



રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં શાકભાજીની ભરપુર લોકલ આવતા શાકભાજીના ભાવ તળીયે પહોંચી ગયા છે. એક મહિના પૂર્વે ૭૦ થી ૧૦૦ના કિલોએ વહેંચાતું શાકભાજી હાલ રૂા.૧૦ થી ૨૦ના કિલોએ વહેંચાય રહ્યું છે. હાલ યાર્ડમાં શાકભાજીની પુષ્કળ આવક થઈ રહી છે.શિયાળાની શરૂઆતમાં શાકભાજીના ભાવ આસમાને હતા. શિયાળા પૂર્વે માવઠુ પડતા વાતાવરણ ખરાબ હોવાથી પાક બગડ્યો હતો જેના પરિણામે શાકભાજીની આવક ઓછી હતી અને ગુણવત્તા પણ સારી ન હોવાથી ભાવ પણ ઉંચા હતા, પરંતુ ત્યારબાદ કડકડતી ઠંડી પડતા શાકભાજીની મબલક આવક શરૂ થઇ ચૂકી હતી. છતાં ભાવ નીચા આવતા ૧૫ દિવસ લાગ્યા હતા. શિયાળાની શરૂઆતના ૧૫ દિવસ બાદ શાકભાજીના ભાવમાં ઘટાડો થયો હતો અને હાલ ભાવ તળીયે પહોંચી ગયા છે. એક મહિના પૂર્વે વટાણા, ટમેટા, ભીંડો, લીંબુ, આદુ, બટેટા, મરચા રૂા.૫૦ થી ૧૦૦ કિલોએ વહેંચાતા હતા. પરંતુ હાલ આ શાકભાજીના ભાવ રૂા.૧૦ થી ૨૦ના કિલો થઇ ગયા છે. કડકડતી ઠંડી પડવાથી બહોળા પ્રમાણમાં સારી ગુણવત્તાવાળા શાકભાજીની આવક થઈ રહી છે. હાલ યાર્ડમાં સંપૂર્ણ લોકલ આવક આવી રહી છે. વટાણા મધ્ય પ્રદેશથી આવી રહ્યા છે. મરચા, ગીસોડા, ગલ્કા, ગુવાર, ભીંડો ગુજરાતના અન્ય શહેરોમાંથી આવી રહ્યા છે. હજુ પણ ભાવ ઘટેલા જ રહેશે.

હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરવામાં આવી છે.

# નવી કંપની શરૂ કરવામાં તથા બંધ થવામાં ગુજરાત સાતમા ક્રમે

## ગુજરાતમાં ૭૯૯૨ કંપનીઓનુ રજીસ્ટ્રેશન, ૯૬૮ને તાળા

### સમગ્ર દેશમાં ચાલુ વર્ષે ૧,૩૮,૦૨૭ નવી કંપનીઓનુ રજીસ્ટ્રેશન અને ૧૭૬૫૪ બંધ થઈ




ગાંધીનગર,તા.૧૦


નવી કંપનીઓના રજીસ્ટ્રેશન તથા ચાલુ કંપનીઓને તાળા લાગવાના કિસ્સાઓમાં સમગ્ર દેશમાં ગુજરાતનો સાતમો ક્રમ છે. કંપની કાયદા હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં ૨૬ જાન્યુઆરીની સ્થિતિએ ગુજરાતમાં ૭૯૯૨ કંપનીઓનું રજીસ્ટ્રેશન થયુ છે અને સામે ૯૬૮ કંપનીઓને તાળા લાગ્યા છે.

સંસદમાં પુછાયેલા પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, ચાલુ વર્ષમાં ૯૬૮ કંપનીઓને તાળા લાગ્યા છે. તેમાંથી ૧૧૯નુ અન્ય કંપનીઓ સાથે મર્જર થયુ હતું. ૭૫ એલએલપી (લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ)માં રૂપાંતરીત થઈ હતી. ૨૭નુ વિસર્જન થયુ હતુ. જયારે ૭૪૭ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝની યાદીમાંથી રદ થઈ હતી.રાજયમાં ૨૦૨૨-૨૩માં ૮૯૬૪ કંપનીઓનું રજીસ્ટ્રેશન થયુ હતુ. ૨૦૨૩-૨૪માં આ સંખ્યા ૧૦૨૦૮ની થઈ હતી. ૨૦૨૨-૨૪માં ૨૭૯૧ તથા ૨૦૨૩-૨૪માં ૧૦૨૯ કંપનીઓ બંધ થઈ હતી. સાંસદ પરિમલ નથવાણીએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં નોંધાયેલી કંપનીઓ વિશે સવાલ કર્યો હતો. કંપની કાયદા હેઠળ વધુ કંપનીઓની નોંધણીને પ્રોત્સાહન આપવા સરકારે લીધેલા પગલાની પણ વિગતો માંગી હતી.કોર્પોરેટ બાબતોના પ્રધાન હર્ષ મલ્હોત્રાએ લેખિત જવાબમાં કહ્યું કે ૬૩ નિયમોને ફોજદારી ગુનાની યાદીમાંથી હટાવીને સરળ કરાયા છે તેવીજ રીતે નાની કંપનીઓ માટે મૂડીના ધોરણ બે કરોડથી વધારીને ૪ કરોડ કરાયા છે. દેશમાં સૌથી વધુ ૨૩૭૩૩ કંપનીઓનું રજીસ્ટ્રેશન મહારાષ્ટ્રમાં થયુ હતું. ઉત્તરપ્રદેશમાં ૧૫૧૫૦, દિલ્હીમાં ૧૨૩૭૩, કર્ણાટકમાં ૧૦૩૩૨, તામીલનાડુમાં ૯૬૩૬ તથા તેલંગાણામાં ૯૨૯૫ કંપનીઓનું રજીસ્ટ્રેશન થયુ હતું. સમગ્ર દેશમાં ૧૩૮૦૨૭ કંપનીઓનું રજીસ્ટ્રેશન થયુ હતું તે પૈકી ૫.૭૯ ટકા ગુજરાતમાં નોંધાઈ હતી. કંપની બંધ થવામાં પણ ગુજરાત સાતમા ક્રમે છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૬૬૯, દિલ્હીમાં ૨૭૪૬, પશ્ચીમ બંગાળમાં ૨૦૮૨, કર્ણાટકમાં ૧૫૫૦, તામીલનાડુમાં ૧૧૨૩ તથા ઉત્તરપ્રદેશમાં ૧૦૦૩ કંપની બંધ થઈ હતી. સમગ્ર દેશમાં આ સંખ્યા ૧૭૬૫૪ની હતી.

# નડીયાદમાં લઠ્ઠાકાંડઃ ત્રણના મોતઃ અનેક સારવારમાં

## રાજયોમાં વારંવાર સર્જાતા લઠ્ઠા – સીરપ કાંડમાં ઉમેરો

### સ્થાનિક મહારાજ સોસાયટીમાં દેશી દારૂના અડ્ડા પર નશો કર્યા બાદ અનેકને અસર : પોલીસ દોડતી થઈ : અનેક ગંભીર



રાજકોટઃ ગુજરાતમાં દારૂબંધીનાં હળવા અમલ વચ્ચે પણ અનેક વખત નશા માટે સીરપથી લઠ્ઠાના થતા ઉપયોગમાં એક વધુ ઘટનાઓ નડીયાદનાં જવાહરનગરમાં ઝેરી દારૂ પીવાનાં કારણે ૩ ના મોત થયા છે તથા અન્ય કેટલાંકને હાલ ઝેરી દારૂની અસર હેઠળ સારવાર આપવામાં આવી રહી છે.

નડીયાદમાં સફાઈ કામદારો સહીતના લોકોનો વસવાટ સમાન જય મહારાજ સોસાયટીમાં પણ ઘટના બની છે. રવિવારનાં તમામે અહી સ્થાનીક સ્તરે હોવાના દેશી દારૂના અડ્ડા પરથી આ દારૂ મેળવ્યો હોય તેમ માનવામાં આવે છે. અને દારૂનું સેવન કર્યા બાદ યોગેશ કુશ્વાહ રવિન્દ્ર રાઠોડ અને કનુભાઈ ચૌહાણ એમ ત્રણ લોકોનાં મૃત્યુ થયા છે અને અન્યને સારવાર આપવામાં આવી રહી છે.

આ લઠ્ઠાકાંડ બનતા જ સ્થાનિક પોલીસની સ્ટેટ મોનેટરીંગ સ્કવોડ દોડતી થઈ છે અને દારૂના ડાઓ પર દરોડા શરૂ કર્યા છે.જોકે હજુ આ કાંડમાં કોઈની ધરપકડ થઈ નથી ૨૦૦૯ માં અમદાવાદમાં લઠ્ઠાકાંડમાં ૧૪૦ થી વધુ લોકોના મોત થયા હતા. તો બોટાદનું કેમીકલ કાંડ ૩૫ નો ભોગ લઈ ગયુ છતાં પણ હજુ ખુલેઆમ દેશી દારૂના અડ્ડા ચાલે છે તે ફરી સાબીત થયુ છે.

# સરકારી કર્મચારીઓ પર કાલથી ટ્રાફિકની ધોંસઃ કચેરી બહાર જવાનો તૈનાત થશેઃ પોલીસ વડાનું ટ્વીટ

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં માર્ગ અકસ્માતોની શ્રેણીબધ્ધ ઘટનાઓ વચ્ચે ટ્રાફિક નિયમોનું પાલન થતું ન હોવાના ઉહાપોહ તથા હાઇકોર્ટની કડક ટિપ્પણી વચ્ચે આવતીકાલથી ટ્રાફિક ડ્રાઇવ શરુ કરવામાં આવશે અને સૌ પ્રથમ સરકારી કર્મચારીઓ પર ધોંસ બોલાવવામાં આવશે.



રાજયના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આજે એક ટ્વીટ કરીને સરકારી કર્મચારીઓ પર ટ્રાફિક નિયમ બદલ ધોંસ બોલાવવાની સૂચના જાહેર કરવામાં આવી હતી. ટ્વીટમાં એમ કહેવાયું છે કે સરકારી કર્મચારીઓએ ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે.

આવતીકાલથી તમામ સરકારી કચેરીઓની બહાર ટ્રાફિક જવાનોને તૈનાત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે કચેરીઓમાં આવતા કર્મચારીઓ સહિતના લોકો દ્વારા ટ્રાફિક નિયમોનો અમલ કરવામાં આવે છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે અને નિયમોનું ચૂસ્તપણે પાલન કરાવવામાં આવશે.


# અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## જેદ્દાહથી અમદાવાદ આવેલી ઈન્ડીગોની ફ્લાઈટમાં ગુજરાતીમાં લખાયેલી ચીઠ્ઠીથી અફડાતફડી

રાજકોટ, તા.૧૦

જેદ્દાહથી અમદાવાદ આવી રહેલી ઈન્ડીગો એરલાઇન્સની ફ્લાઈટમાં ગુજરાતીમાં લખાયેલી એક ચીઠ્ઠીમાં અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળતા અફડાતફડી સર્જાઇ ગઇ હતી અને સુરક્ષા એજન્સીઓએ તૂર્ત જ એરપોર્ટની તલાસી લેવાનું શરુ કર્યુ છે.બીજી તરફ ઈન્ડીગોની ફ્લાઈટમાં પણ તપાસ શરુ કરવામાં આવી છે. આ ચીઠ્ઠી ફ્લાઈટની અંદરથી મળી હોવાથી આ ફ્લાઈટમાં આવેલા તમામ મુસાફરોના હેન્ડરાઈટીંગ લેવાઇ રહ્યા છે અને ચીઠીમાં જે લખાણ છે તેની સાથે સેમ્પલીંગ કરવામાં આવશે અને જો તેમાં કોઇ મુસાફરે આ ચીઠ્ઠી લખી હશે તો તૂર્ત જ તેની ઓળખ કરીને આગળની કાર્યવાહી કરાશે.

આ અંગે અમદાવાદના જોઇન્ટ પોલીસ કમિશ્નર શરદ સિંઘલે જણાવ્યું હતું કે, અમદાવાદ એરપોર્ટ પર આવેલી ઈન્ડીગોની ફ્લાઈટમાંથી ક્લીનરને આ ચીઠ્ઠી મળી છે અને તૂર્ત જ તેણે સુરક્ષા એજન્સીને જાણ કરી હતી અને પોલીસને પણ જાણ થતાં જ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડ સાથે અધિકારીઓ અને જવાનો ધસી ગયા હતા.




સમગ્ર એરપોર્ટની ચકાસણી શરુ કરવામાં આવી છે. તેમજ મુસાફરોની પણ ઓળખ નિશ્ચિત કરાઇ રહી છે. આ ઉપરાંત એફએસએલના નિષ્ણાંતોને એરપોર્ટ પર જ બોલાવાયા છે અને ચીઠ્ઠીમાં લખાણ અને કોઇ મુસાફરના હેન્ડરાઈટીંગ જો સમાન થશે તો તેના પર કાર્યવાહી થશે. સવારે ૯-૩૦ કલાકે આ ફ્લાઇટ પહોંચી હતી અને તે સમયે જ ચીઠ્ઠી મળતા મુસાફરોને વિમાની મથક છોડવા દેવાયા ન હતા અને દરેકને હેન્ડરાઈટીંગ સેમ્પલ લેવાઇ રહયા છે. સીઆઇએસએફ પણ સાબદી થઇ ગઇ છે.

# કલેક્ટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

## વર્ષ ૨૦૨૪માં ગંભીર અકસ્માતનું ૧૦ % પ્રમાણ ઘટ્યું, જીવલેણ અકસ્માતમાં ઘટાડાથી ૩૮ માનવ ઝીંદગી સુરક્ષિત કરાઈ

રાજકોટ તા. ૧૦ ફેબ્રુઆરી - રાજકોટ જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીની અધ્યક્ષતામાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં હાઈવે પર માર્ગ અકસ્માતમાં ઘટાડો નોંધાઈ તે માટે બેઠકમાં રોડ એન્જિનિયરિંગ સહિતની બાબતોની કલેકટરશ્રી દ્વારા સમીક્ષા કરવામાં આવે છે. ત્યારે રોડ સેફટી કામગીરી અને અવેરનેસની ફલશ્રુતિ રૂપે વર્ષ ૨૦૨૩ ની સાપેક્ષ વર્ષ ૨૦૨૪ માં નોંધનીય ૧૦ % જેટલો ઘટાડો નોંધાયો છે.

કલેકટરશ્રી એ આજરોજ બેઠકમાં વિવિધ હાઈવે પર કામગીરીની સમીક્ષા કરતા રાજકોટ



ગોંડલ રોડ હાઈવે સંલગ્ન સર્વિસ રોડને સ્મુધ કરવા ખાસ તાકીદ કરી હતી. સર્વિસ રોડ પર પડેલા ગાબડાંઓને પેચવર્ક કરી રીપેર કરવા, નજીના દબાણો દૂર કરવા કલેકટરશ્રીએ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓને ખાસ સુચના આપી હતી. સાથોસાથ રાજકોટ થી કુવાડવા તરફ જતા હાઈવેમાં સર્વિસ રોડ, ગ્રીનલેન્ડ ચોકડી થી ગોંડલ ચોકડી સુધીમાં સર્વિસ રોડ વહેલી તકે રીપેર કરવા એજન્સીઓને સુચના આપી હતી. જયારે રાજકોટ કુવાડવા રોડ બ્રિજની આસપાસ બ્રિજની બંને તરફ પાકો રોડ બનાવવા જણાવ્યું હતું. જ્યારે પડધરી બાયપાસ પાસે તેમજ સર્કલ આસપાસ હોટલોના દબાણો દૂર કરવા, ગેરકાયદે ગેપ ઈન મીડ્યમ બ્રેક કરતા હોટેલ અને પેટ્રોલ પંપ વિરુદ્ધ કાયદેસર કકલેકટરશ્રીના માર્ગદર્શન મુજબ કાલાવડ રોડ પર ડ્રાઈવિંગ સિનેમાથી મેટોડા રોડ પર સ્ટ્રીટ લાઈટ લગાડવાથી અકસ્માતના પ્રમાણમાં નોંધનીય ઘટાડો જોવા મળ્યો છે. ગત વર્ષ દરમ્યાન રોડ સેફટી કામગીરી અંતર્ગત હાઈવે પર વિવિધ સાઈન બોર્ડ, હાઈવે ને જોડતા ધોરી માર્ગો પર સ્પીડ બ્રેકર, રોડ પર રમ્બલ સ્ટ્રીપ, કેટ આઇ વગેરે કામગરીને પરિણામે જીવલેણ અકસ્માતમાં ઘટાડો થયો હોવાનું શ્રી જે.વી. શાહે જણાવ્યું હતું.

# આજે શહેર ભાજપ દ્વારા પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીની પુણ્યતિથી-સમર્પણ દિવસ- અંતર્ગત પુષ્પાંજલી અર્પણ કરાશે



રાજકોટઃશહેર ભાજપ દ્વારા આજ સવારે ૯ કલાકે પં.દિનદયાલ ઉપાધ્યાયજીની પ્રતિમા,આજી ડેમ ખાતે પુષ્પાંજલી કાર્યક્રમ તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ મુકેશ દોશી, અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દિનદયાલ ઉપાધ્યાયજીના સમર્પણદિને આવતીકાલે તા. ૧૧/૨ ના મંગળવારે સવારે ૯ કલાકે શહેર ભાજપ દ્વારા આજી ડેમ ખાતે આવેલ પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીની પ્રતિમાને તેમની પુણ્યતિથિ નિમિતે શ્રધ્ધાસુમન અને પુષ્પાંજલી અર્પિત કરી પુણ્યાત્મા અર્થે પ્રાર્થના કરવામાં આવશે. અને તેના જીવન કવન અંગે વકતવ્ય યોજાશે, તો આ કાર્યક્રમમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને જોડાવવા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જાહેર અનુરોધ કર્યો છે.

# કોઠારીયા નાકા વિસ્તારમાં રેપિડ એક્શન ફોર્સ દ્વારા ફૂટ પેટ્રોલિંગ





રાજકોટઃ એ. ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં વક્ફ બોર્ડનો ઓર્ડર બતાવી રાતોરાત વેપારીની દુકાન ખાલી કરવાઈ. જે પછી ગૌ માસ મળ્યાંની ચર્ચાઓ પણ સામે આવેલી. ત્યારે આ સંવેદનશીલ વિસ્તારની શાંતિ દાહોળાઈ નહીં અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કોઠારીયા નાકા વિસ્તારમાં રેપિડ એક્શન ફોર્સ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરાયું હતું. આ તકે ફૂટ પેટ્રોલિંગ માટે એ. ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ જોડાયો હતો.

# બાબરીયા કોલોની પાસે ટીપી રોડ પરના ૧૯ મકાનોને નોટીસ

## પરમેશ્વર–૩ના લોકો મનપાએ દોડી આવ્યાઃ ડિમોલીશન પૂર્વે વૈકલ્પિક જગ્યા આપવા કમિશનરને રજુઆત

રાજકોટ, તા. ૧૦

શહેરના ઢેબર સાઉથ પર બાબરીયા કોલોની પાસે આવેલ પરમેશ્વર-૩ વિસ્તારમાંથી નીકળતા ટીપીના રોડ પર મકાન બાંધીને રહેતા ૧૯ આસામીને જગ્યા ખાલી કરવા ટીપી શાખાએ નોટીસ ફટકારી છે. તેના પગલે આજે આ મકાન ધારકો મહાપાલિકાએ દોડી આવ્યા હતા અને મ્યુનિ. કમિશનરને રજુઆત કરી હતી.

આજે આ ૧૯ પરિવારના લોકોએ મ્યુનિ. કમિશનર, કલેકટર અને મુખ્યમંત્રીને પત્રથી કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે પરમેશ્વર-૩માં રાજકોટના સર્વે નં.૩૨૫ પૈકીની જમીનમાં ૧૯ પરિવાર રહે છે. આ જમીન મામલતદાર તરફથી તા. ૩૧-૩-૧૯૯૨ના રોજ ફાળવવામાં આવી છે. તેઓ ૩૩



વર્ષથી રહે છે અને શાકભાજીના વેંચાણથી પરિવારનું ભરણપોષણ કરે છે.

આ ગરીબ પરિવારોને ટીપી સ્કીમ અંતર્ગત મિલ્કત કપાતની નોટીસ ટીપી શાખાએ આપી છે. આ ૧૯ પૈકી ૮ પરિવારના મકાનો પૂરેપૂરા કપાત થાય છે તથા અન્ય ૧૦ પરિવારના મકાન થોડા ઘણા અંશે કપાતમાં જાય છે. એકંદરે એકેય મકાન રહેવા લાયક બનતું નથી.

આ જગ્યાના વિકલ્પમાં તેઓને નજીકમાં જ કોઈ વૈકલ્પિક જમીન અથવા આવાસ ફાળવવામાં આવે તેવી માંગણી કમિશનર સમક્ષ રજૂ કરી હતી. વિકલ્પ વગર જો મકાન ખાલી કરાવવામાં આવશે તો પરિવારો આશરા વગરના થઈ જશે. આથી તેઓને કવાર્ટર આપવાની માંગણી કમિશનર સમક્ષ રજુ કરવામાં આવી છે.

ઢેબર રોડ, બાબરીયા કોલોની પાસેના રોડ પરના આસામીઓને કપાતની નોટીસ મળતા આજે મનપાએ આવીને કમિશનરને રજૂઆત કરી હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# સાવરકુંડલા પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ કાર્યાલયનો શુભારંભ

- પૂર્વ મંત્રી ધીરુભાઈ દૂધવાળાના વરદહસ્તે કાર્યાલય ખુલ્લું મુકાયું
- પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત દ્વારા જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો
- મોટી સંખ્યામાં કોંગી કાર્યકર્તાઓ ઉદ્દઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા


રિપોર્ટરઃ યોગેશ ઉનડકટ સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૧૧: અમરેલી જિલ્લાની ચાર નગરપાલિકા સાથે અમરેલી, દામનગર અને સાવરકુંડલા નગરપાલિકાની પેટા ચૂંટણીમાં યોજાઈ રહી છે ત્યારે સાવરકુંડલા નગરપાલિકા ના વોર્ડ નંબર ૩ ની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા કાર્યાલયનું ઉદ્દઘાટન પૂર્વ મંત્રી ધીરુભાઈ દૂધવાળા અને અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા કરવામાં આવેલ હતું સાવરકુંડલાના વોર્ડ નંબર ૩ના મત વિસ્તારમાં કોંગ્રેસ ઉમેદવાર રમેશ જયાણીને જીતાડવા માટે કાર્યાલય શુભારંભ કરીને પ્રચાર પ્રસારના કોંગ્રેસી નેતાઓએ શ્રી ગણેશ શરૂ કર્યા હતા ધારાસભ્ય મહેશ કસવાળા માં મત વિસ્તાર ગણાતા ભાજપના ગઢ જેવા વોર્ડ નંબર ૩ માં નગરસેવક જયસુખ નાકરાણીના દુઃખદ અવસાનથી ભાજપાની ખાલી પડેલી બેઠક જીતવા કોંગ્રેસી નેતાઓએ કમર કશવાની શરૂઆત કરી છે ને કોંગી નેતા પ્રતાપ દુધાતે નગરસેવક સાથે સમાજ સેવકની ભૂમિકા ભજવી શકે તેવા કોંગ્રેસે ઉમેદવાર મૂકતા જીત નિશ્ચિત હોવાનો દાવો દુધાતે કર્યો હતો ને સ્વ.નગરસેવક જયસુખ નાકરાણીની ખાલી પડેલી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર સમાજસેવાની ભૂમિકામાં અગ્રેસર હોય ત્યારે પાલિકાનો ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર પેટા ચૂંટણીમાં જીતશે તેવું જણાવ્યું હતું ત્યારે પૂર્વ મંત્રી ધીરુભાઈ દૂધવાળા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, ચંદ્રેશ ભાઈ રવાણી, હસુભાઈ સૂચક, મહેશભાઈ જયાણી, કોંગ્રેસના ઉમેદવાર ઉમેદવાર રમેશભાઈ જયાણી, હિતેશભાઈ સરેયા, કિરીટભાઈ દવે, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેશભાઈ દેવાની, ઓસાભાઈ પઠાણ, અશોકભાઈ ખુમાણ, જીગાદાદા ભરાડ, નાસીર ચૌહાણ, ઈકબાલભાઈ બાવનકા, હરીભાઈ સગર, વિપુલભાઈ ઉનાવા, બટુકભાઈ ઉનાવા, હસુભાઈ બગડા, મનજીભાઈ રાજા, હાર્દિક કાનાણી, મુનાભાઈ ભરવાડ, પરીક્ષિત શિયાળ, વિપુલભાઈ જયાણી, હિતેશ જયાણી, રાજેભાઈ ચૌહાણ, ઈકબાલભાઈ ગોરી, પ્રવીણભાઈ ચડાસમાં, મહેશ મશરૂ સહિતના કોંગ્રેસી અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હોવાનું જિલ્લા કોંગ્રેસ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવ્યું છે

# વેરાવળમાં નગરપાલિકા ક્વાર્ટરમાંથી ચોરાયેલા વાસણો સાથે ત્રણ આરોપીઓ ઝડપાયા


તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

- ચોવીસ કલાકમાં ભેદ ઉકેલી તસ્કરો પાસેથી રૂ.૧૦,૨૦૦નો મુદ્દામાલ કબજે કરાયો

વેરાવળ, તા. ૧૧: વેરાવળમાં નગરપાલિકા ક્વાર્ટર વિસ્તારમાંથી ચોરાયેલા વાસણો સાથે ત્રણ આરોપીઓને સિટી પોલીસે ઝડપી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ચોવીસ કલાકમાં ઉકેલી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતોનુસાર ગત તા.૨૬ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી દરમિયાન વેરાવળના સોની વંડી સામે આવેલા નગરપાલિકા ક્વાર્ટરમાં અજાણ્યા ચોર ઈસમોએ એક મકાનનો દરવાજો તોડીને પ્રવેશ કરી પત્નીને કરિયાવરમાં મળેલા રૂ.૧૫,૫૦૦ની કિંમતના વાસણોની ચોરી કરી હતી. જેને લઈ સીટી પીઆઈ એચ.આર. ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ ટાવર પોલીસ ચોકીના પીએસઆઈ કે.એન.મુછાળની ટીમે તપાસ હાથ ધરી ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કના આધારે પોલીસે રંગોલી આઈસ્ક્રીમની બાજુમાંથી ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં જીતુ ઉર્ફે ચીનો ઉર્ફે નેપાળી (૨૨), આકાશ ઉર્ફે આકલો સોલંકી (30) અને સનીભાઈ ચૌહાણ (૨૩)નો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી કુલ ૫૪ નંગ વાસણો કિંમત રૂ.૧૦,૨૦૦ કબજે કરવામાં આવ્યા છે.

## જાળીયામાં સુમિતાબેન રાજાભાઈ ચાવડા દ્વારા ફાળવેલ ગ્રાન્ટમાંથી કોઝ-વેનું ખાતમુહૂર્ત કરાયું



આજ રોજ રાજકોટ તાલુકાનુ જાળીયા ગામે જીલ્લા પંચાયત સ્વભંડોળમાંથી તેમજ ૧૫મુ નાણાપંચ જીલ્લા કક્ષા અંતર્ગત રાજકોટ જીલ્લા પંચાયત બેડી-૩ સીટના સદસ્ય શ્રીમતી સુમિતાબેન રાજાભાઈ ચાવડા દ્વારા ફાળવેલ ગ્રાન્ટમાંથી શિરાના કુવા પાસે કાગદળી ના રસ્તે ૮ લાખના ખર્ચે કોઝ-વે નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

જેમાં બેડી-૩ સીટના જીલ્લા પંચાયત સદસ્ય (જન પ્રતિનિધિ શ્રી રાજાભાઈ ચાવડા) ગામના સરપંચ શ્રી શૈલેષભાઈ મોરાણીયા, ગ્રામ પંચાયત સદસ્ય શ્રી મનિષાબેન લિબાસીયા તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તથા આ સ્થળ પર કોઝ-વે બનવાથી ૨૫૦ થી 300 ખેડૂતોને તેમજ અન્ય રાહદારીઓને ઉપયોગી સાબિત થશે.

# ગીર સોમનાથમાંથી વૃદ્ધોને લીફ્ટ આપી સોનાના દાગીના-રોકડની ચોરી કરતા પતિ-પત્ની ઘરપકડ

## આરોપી દંપતી અમરેલી જીલ્લામાં ચીલઝડપની ઘટનાને અંજામ આપતી હોવાનો એલસીબીની તપાસમાં ખુલાસો

વેરાવળ, તા. ૧૧ઃ અમરેલી જીલ્લામાં વૃદ્ધોને લીફ્ટ આપીને નિશાન બનાવી સોનાના દાગીના-રોકડની ચીલઝડપ કરતી ગેંગના બે સાગરિતો પતિ-પત્ની ગીર સોમનાથમાં હોવાની મળેલ માહિતીના આધારે એલસીબીએ ઝડપી પાડ્યા છે. બંન્ને આરોપી ઉના પંથકના રહેવાસી હોવા ઉપરાંત તેઓ પાસેથી સોનાનો ચેઈન, કાર સહિત ૨ લાખનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

આ અંગે એલસીબી પીઆઈ એ.બી.જાડેજાએ જણાવેલ કે, અમરેલી વિસ્તારમાં ચીલઝડપની ઘટનાને અંજામ આપતી ગેંગના સભ્યો વેરાવળ પંથકમાં ફરી રહ્યા હોવાની માહિતી મળી હતી. જેને લઈ એલર્ટ થયેલ એલસીબી અને પોલીસ સ્ટાફએ તપાસ હાથ ધરેલ દરમ્યાન વેરાવળ સરકારી હોસ્પિટલ પાસે વાહન ચેકીંગ દરમ્યાન બે શંકાસ્પદ આરોપીઓ ઝડપાયા હતા.

આ બંન્ને આરોપીઓ સંજય વાઘેલા (ઉ.૩૨) અને રીનાબેન વાઘેલા (ઉ.૨૩) પતિ પત્ની છે. તેઓ જાહેર રસ્તા પર વૃદ્ધ વ્યક્તિઓને રસ્તો પુછવાના બહાને પોતાની કારમાં બેસાડતા અને નજર ચૂકવીને તેઓના સોનાના દાગીના અને રોકડની ચોરી કરતા હતા. ત્રણ દિવસ પહેલા અમરેલી જીલ્લામાં અલગ-અલગ જગ્યાએથી વૃદ્ધ મહિલાઓ પાસેથી ચેઈન અને વૃદ્ધ પુરુષોના શર્ટના સોનાના બટન તથા રોકડની ચોરી કરી હતી. આરોપીઓ પાસેથી ₹૧,૦૭,૦૭૦ ની કિંમતનો સોનાનો ચેઈન, બે ફોરવ્હીલ કાર GJ-13-AB- 1347 અને GJ-06-BL-2812 કિંમત રૂ.૧,૦૦,૫૦૦ નો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં ખાંભા અને સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના ડિટેક્ટ થયા છે. આરોપી સંજય વાઘેલા વિરુદ્ધ ઉના પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો પણ નોંધાયેલો છે.

# શરદી-ઉધરસના ૯૪૯ અને સામાન્ય તાવના ૮૦૦ સહિત કુલ ૧૯૩૭ કેસ, જોખમી ટાઇફોડના ૨ અને કમળાનો ૧ દર્દી નોંધાયો

રાજકોટ, તા. ૧૧ઃ રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી રોગચાળો વકર્યો છે. જેમાં શરદી-ઉધરસના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે ગત સપ્તાહમાં પણ શરદી-ઉધરસના કુલ ૯૪૯ અને સામાન્ય તાવના ૮૦૦ દર્દીઓ નોંધાયા હતા. જ્યારે જોખમી ટાઇફોઇડ તાવના ૨ અને કમળાનો પણ ૧ દર્દી સામે આવ્યો હતો. જોકે, મચ્છરજન્ય મેલેરિયા અને ડેન્ગ્યુનો કોઈપણ કેસ નોંધાયો નથી. કુલ દર્દીઓની સંખ્યા ૧૯૩૭ થતા આરોગ્ય વિભાગ સતર્ક થયું છે અને રોગચાળો કાબુમાં રાખવા ફોગીંગ સહિતની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે.



પ્રાપ્ત વિગત મુજબ છેલ્લા સપ્તાહમાં મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા લાંબી કતારો જોવા મળી હતી. અને મનપાના ચોપડે વિવિધ રોગોના ૧૯૩૭ કેસ નોંધાયા હતા. જેમાં શરદી-ઉધરસના ૯૪૯ કેસ, ઝાડા-ઉલટીના ૧૮૫, સામાન્ય તાવના ૮૦૦ કેસ નોંધાયા છે. આ ઉપરાંત અતિ જોખમી ગણાતા ટાઇફોઇડ તાવના ૨ કેસ અને લાંબા સમય બાદ કમળાનો પણ ૧ કેસ નોંધાયો છે. જોકે, આ આંકડાઓ સરકારી આરોગ્ય કેન્દ્રોના છે. ત્યારે નાના-મોટા ખાનગી ક્લિનિકોને ધ્યાનમાં રાખીએ તો કુલ દર્દીનો આંકડો ૯,૦૦૦ કરતા વધુ હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

મનપાના આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, હાલમાં શરદી-ઉધરસ તેમજ તાવના વધુ કેસો સામે આવી રહ્યા છે. ત્યારે લોકોએ બહારનો ખોરાક લેવાથી દૂર રહેવાની સાથે ગરમ પાણીનું સેવન કરવું જોઈએ. અને સામાન્ય સૂકી ઉધરસ માટે હળદરનો ઉપયોગ કરવો એ હિતાવહ છે. ઉપરાંત જો કોઈપણ પ્રકારે તબિયત વધુ લથડતી લાગે તો તરત જ મનપાનાં આરોગ્ય કેન્દ્રો અથવા સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાંત ડોક્ટર્સની સલાહ લઈ તે મુજબની દવા કરવી જરૂરી છે.

રોગચાળા દ્વારા ઊભા થતા આરોગ્ય પડકારને પહોંચી વળવા મહાનગરપાલિકા દ્વારા ઘનિષ્ઠ પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં વાહક નિયંત્રણની કામગીરી હેઠળ ૫૬ મેલેરિયા ફિલ્ડવર્કર, ૪૧૫ અર્બન આશા અને ૧૧૫ વી.બી.ડી વોલેન્ટીયર્સ દ્વારા તા. ૩ ફેબ્રુઆરીથી લઈ ૯ ફેબ્રુઆરી સુધીમાં ૨૭,૬૨૭ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. અને ૮૪૯ ઘરોમાં ફોગીંગ સહિતની કામગીરી કરવામાં આવી હતી. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવી રહી છે.



# છોટુનગર વિસ્તારમાં દારૂડિયાઓનો ત્રાસઃ ગાંધીગ્રામ પોલીસની હપ્તાખોરીને કારણે રહેવાસીઓ પરેશાન

## ધારાસભ્ય દર્શીતા શાહની રજુઆત છતાં પોલીસ કરે છે આંખ આડા કાનઃ જો કાર્યવાહી કરે તો હપ્તા બંધ થઇ જવાનો ડર??

રાજકોટ, તા. ૧૧ઃ ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય એમ વારંવાર દારૂ પીનારા અને વેચનારા મોટી સંખ્યામાં ઝડપાતા હોય એવી ઘટનાઓ રોજિંદી બની ચૂકી છે. હવે રહેણાક સોસાયટીમાં દારૂડિયાઓ નશો કરીને સ્થાનિકોને હેરાન કરતા હોવાનું સામે આવ્યું છે. ધારાસભ્ય દર્શિતા શાહના વિસ્તારમાં દારૂડિયાઓનો ત્રાસ વધ્યો છે. રંગઉપવન સોસાયટીમાં દારૂડિયાઓ ગમે ત્યાં સૂઈ જાય છે અને ઘરમાં ઘૂસી રૂપિયાની માગ પણ કરતા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. અમે તાત્કાલિક આ મામલે યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી છે.

**મહિલાઓ માટે બહાર નીકળવું મુશ્કેલ બન્યું**

આ વિસ્તારમાં રહેતાં જિજ્ઞાબેન ખેતાણીએ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ઘણા સમયથી એક જ મુશ્કેલી છે કે દારૂડિયાઓ દારૂ પીને સોસાયટીનાં મેઈન રોડ કે શેરી સહિતના સ્થળે ગમે ત્યાં સૂઈ જાય છે. તેઓ અર્ધનગ્ન હાલતમાં હોવાથી ઉઠાડતા પણ અમને શરમ આવે છે. આ સ્થિતિમાં પણ અમે જો તેમને ઊભા કરવાનો પ્રયાસ કરીએ તો જેમફાવે તેમ ગાળો બોલે છે. ગત વર્ષે દારૂડિયાઓ દરવાજો ખખડાવી દારૂ પીવા માટે રૂપિયા માગતા હોવાનો વીડિયો શેર કર્યો હતો. એને કારણે પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું હતું અને સમસ્યા હળવી થઈ હતી. જોકે ફરી પોલીસ પેટ્રોલિંગ ઘટાડવામાં આવતાં એ જ પરિસ્થિતિ થઈ રહી છે, જેને કારણે સાંજ પછી મહિલાઓનું બહાર નીકળવું મુશ્કેલ બને છે. સ્થાનિક કોર્પોરેટરો અને ધારાસભ્ય સોસાયટીનાં બધાં ફંક્શનમાં આવે છે. તેમને પણ ઘણીવાર રજૂઆત કરવામાં આવી છે, પણ તેમનાથી કાંઈ થતું નથી.







**દારૂડિયાઓ રસ્તા પર પડ્યાપાથર્યા રહે છેઃ સ્થાનિક**

જયંતીભાઈ ગોહેલ નામના સ્થાનિકે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં સાંજના સમયે દારૂડિયાઓ આંટાફેરા કરતા હોય છે. શેરી નંબર ૩માં હિન્દીભાષી લોકોનો પણ ત્રાસ વધી રહ્યો છે. એના કારણે અમારી બહેન દીકરીઓ નીકળે ત્યારે તકલીફ પડે છે. દારૂડિયાઓને ચાલવાનું પણ ભાન હોતું નથી. જ્યાં-ત્યાં પડી જાય છે અને તેઓ પડ્યા હોય તો તેમને કાંઈ કહેવાતું પણ નથી. અનેકવાર આ અંગે રજૂઆતો કરવામાં આવી ચૂકી છે. સ્થાનિક પોલીસ આવી હતી અને પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. બાદમાં થોડો સમય પરિસ્થિતિ સામાન્ય બની હતી. જોકે હાલ ફરીથી પેટ્રોલિંગ ઘટતાં એ જ મુશ્કેલી શરૂ થઈ ગઈ છે. પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે એ જરૂરી બન્યું છે.

અમારી સ્પષ્ટ માગ છે કે સાંજથી લઈ રાત સુધી પોલીસ પેટ્રોલિંગ કરવામાં આવે અને અમને દારૂડિયાઓના ત્રાસથી મુક્ત કરાવે એ જરૂરી છે. કોર્પોરેટરો અને MLA સાથ સહકાર આપે જ છે. પણ મીડિયાના માધ્યમથી આ રજૂઆત બાદ તેઓ આ બાબતે વધુ સતર્ક બને એવી અપીલ કરીએ છીએ. અહીં દારૂ વેચાય છે, એ ક્યાં બને છે અને કોણ વેચે છે એ બધાને ખબર હોવા છતાં કોઈપણ કાર્યવાહી કરવામાં આવતી નથી. અગાઉ સોસાયટીના પ્રતિનિધિઓ દ્વારા ગાંધીગ્રામ પોલીસમાં રજૂઆત પણ કરવામાં આવી હતી. ત્યારે થોડા દિવસ પેટ્રોલિંગ શરૂ કરવામાં આવતાં સ્થિતિ સામાન્ય થઈ હતી, પણ ફરીથી દારૂડિયાઓનો ત્રાસ વધ્યો છે.

**દરવાજા ખખડાવી દારૂ પીવા માટે પૈસા માગે છેઃ દર્શન જોશી**

દર્શનભાઈ જોશી નામના સ્થાનિકે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં છેલ્લાં ઘણાં વર્ષોથી દારૂડિયાઓનો ત્રાસ છે. તેઓ સાંજના સમયે ગમે ત્યાં પડ્યાપાથર્યા રહે છે. ગમે ત્યાં વાહન રાખીને રસ્તા ઉપર સૂઈ જતા હોય છે તેમજ આ વિસ્તારની બહેન-દીકરીઓને હેરાન કરે છે. એટલું જ નહીં, ડેલી ખટખટાવીને રૂપિયાની પણ માગ કરે છે. ત્યારે આ મામલે તાત્કાલિક જરૂરી પગલાં લેવામાં આવે એવી અમારી માગ છે. અગાઉ પણ આ મામલે રજૂઆતો થઈ ચૂકી છે. છતાં થોડા સમય બાદ મુશ્કેલીઓ યથાવત છે. ત્યારે અમારી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે એ જરૂરી છે.

**આ વિસ્તારમાં કાયમી પોલીસ ચોકી બનાવાશેઃ ધારાસભ્ય**

હનુમાન મઢી નજીક આવેલા છોટુનગર અને રંગઉપવન સોસાયટીમાં આવારા તત્ત્વોના ત્રાસની ફરિયાદો અગાઉ પણ મને મળી ચૂકી છે અને આ અંગે તાત્કાલિક યોગ્ય પગલાં લેવા પોલીસ કમિશનરરને પણ મારા દ્વારા રજુઆત કરાઈ ચૂકી છે. અગાઉ પણ અહીં પેટ્રોલિંગ કરીને આવાં અસામાજિક તત્ત્વોને પકડીને પોલીસે પાઠ ભણાવ્યો હતો, પરંતુ ફરી છેલ્લા કેટલાક સમયથી આ પ્રશ્ન સામે આવી રહ્યો હોવાથી સંકલન બેઠકમાં આ પ્રશ્્ન અંગે જરૂરી ચર્ચાઓ કરીને ત્યાં એક પોલીસચોકી ઊભી કરવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો છે. આ માટેની જગ્યાની ફાળવણી કરવા માટેની ફાઈલ હાલ મનપા તંત્રને સોંપી દેવામાં આવી છે, જેને લઈને ટૂંક સમયમાં ત્યાં કાયમી પોલીસચોકી ઊભી કરવામાં આવશે અને જ્યાં સુધી પોલીસચોકી ન થાય ત્યાં સુધી ત્યાં સતત પેટ્રોલિંગ કરવા માટેની રજૂઆત પણ પોલીસ કમિશનરને કરવામાં આવી છે.

# રાજ્યની RTOમાં આજે પણ અરજદારો પરેશાન થશે

## કામગીરીથી અળગા રહ્યા બાદ, માગણી ન સંતોષાય તો માસ સીએલ પર જવાની ચીમકી

### ■ હડતાળના કારણે રાજકોટમાં ૨૫૦ અરજદારોને ધરમનો ધક્કો





સુરત, તા. ૧૧ઃ રાજ્યભરમાં છ્ઠ્ઠધનાં મોટર વ્હિકલ્સ ડિપાર્ટમેન્ટનાં ટેકનિકલ ઓફિસર એસોસિયેશન દ્વારા પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. આજે સોમવારે 'નો લોગિન ડે' અભિયાન સાથે કામગીરીથી અળગા રહેતા એપોઈન્ટમેન્ટ લઈને આવેલા અરજદારો પરેશાન થયા હતા. આવતીકાલ સુધીમાં સરકાર દ્વારા પડતર માગણી સંતોષવામાં ન આવે તો માસ સીએલ પર જવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતની આરટીઓ કચેરી પર એપોઈન્ટમેન્ટ લઈને કામગીરી માટે આવેલા અરજદારોની કામગીરી ન થતા રોષ ઠાલવતા નજરે પડ્યા હતા.

ગત ૩ ફેબ્રુઆરીએ મોટર વ્હિકલ્સ ડિપાર્ટમેન્ટ ટેકનિકલ ઓફિસર એસોસિયેશન દ્વારા પડતર રહેલાં પ્રશ્નોને લઈને કચેરીના વડાને આવેદનપત્ર પાઠવાયું હતું. ત્યારબાદ આખા અઠવાડીયા દરમિયાન લગલગાટ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કર્મચારીઓએ ૪ ફેબ્રુઆરીએ કાળી પટ્ટી પહેરીને ફરજ બજાવી હતી, ૫ ફેબ્રુઆરીએ સોશિયલ મીડિયા અભિયાન છેડ્યું હતું, જ્યારે ૬ઠ્ઠીનાં રોજ સૂત્રોચ્ચાર અને ઘંટનાદ સહિતના કાર્યક્રમો કરીને વિરોધ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ ૭મીએ જોબ ચાર્ટ મુજબ ફરજ દરમિયાન 'વર્ક ટુ રૂલ' અભિયાન ચલાવવામાં આવ્યું હતું. ૧૦મી ફેબ્રુઆરીનાં રોજ આજે સોમવારે તમામ ટેકનિકલ અધિકારીઓ કચેરી તેમજ ચેકપોઈન્ટ ખાતે કોઈપણ પ્રકારની કામગીરી દરમિયાન પોતાનું લોગીન નહીં કરીને 'નો લોગીન ડે' અભિયાનને આગળ ધપાવ્યું હતું. વધુમાં આ અભિયાનનાં ભાગરૂપે ૧૧મી ફેબ્રુઆરીએ ટેકનિકલ અધિકારીઓ એક દિવસની માસ સી.એલ. પર ઉતરીને તમામ કામગીરીનો બહિષ્કાર અને ધરણાં પણ કરશે. જો આજ સુધી માંગણી સ્વીકારવામાં નહિ આવે, તો આરટીઓ ઈન્સ્પેક્ટર સહિતના અધિકારીઓ મંગળવારે માસ સી.એલ.પર ઉતરી જશે.

નો લોગીન ડે ના કારણે આજે જે અરજદારોને એપોઈન્ટમેન્ટ આપવામાં આવી હતી તે અરજદારો સવારથી જ આરટીઓ કચેરી પહોંચી ગયા હતા. આરટીઓ કચેરી ની અંદર પ્રવેશદ ન આપવામાં આવતા બહાર લાંબી લાઈનો લાગી ગઈ હતી. લોગીન ન કરવાના કારણે તમામ પ્રકારની કામગીરી ખોરવાઈ ગઈ હતી. અહીં આવેલા અરજદારો બે કલાક સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ હડતાલની જાણ થતાં રોષ વ્યક્ત કર્યો હતો.

વડોદરા આરટીઓ કચેરી ખાતે પણ નો લોગિન ડે ને લઈ કામગીરી ન કરી વિરોધ નોંધાવ્યો હતો. જેમાં કેટલાક અરજદારો આરટીઓ કચેરીમાં પોહચ્યા હતા અને અમને કોઈ જાણ ન કરાઈ હોવાથી અમારે ધક્કો પડ્યો છે. આ સાથે જે અહીંયા આવતા અંદાજિત ૩૦૦ વધુ અરજદારો આજે કામથી વંચિત રહ્યા છે. ત્યારે વડોદરા આરટીઓ કચેરીમાં ઈન્સ્પેક્ટર, સબ ઈન્સ્પેક્ટર અને આરટીઓ અધિકારી સહિત કુલ ૩૦ અધિકારીઓ નો લોગિન ડે માં સમર્થન કરતા અરજદારોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આવતી કાલે પણ આ અધિકારીઓ માસ સી એલ પર જાય તો અરજદારોને વધુ મુશ્કેલીઓ પડી શકે છે.

રાજકોટ આરટીઓ કચેરીના આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ભાવેશ શિંગાળાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮ ની બેચના રાજકોટના ૧ સહિત ૮ આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરને પ્રોબેશન પૂર્ણ કરી કાયમી કરવા, પ્રમોશન આપવા સહિતના મુદ્દે આંદોલન શરૂ થયું છે. જેમાં તમામ કર્મચારીઓએ કાળી પટ્ટી પહેરી કામ કરવાનું શરૂ કર્યું છે તો વ્હોટ્સએપના ડીપી માં કાળી પટ્ટીનુ પોસ્ટર રાખ્યું છે. આજે ગજ્ઞ ક્ષ્જ્ઞલશક્ષ ઉકુ અભિયાન અંતર્ગત એક પણ ટેકનિકલ અધિકારીએ પોતાની કામગીરી કરી ન હતી. આજે ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પણ બંધ રાખેલો છે જેને કારણે ૨૫૦ જેટલાં અરજદારો કે જેઓ ટુ વ્હીલર અથવા તો ફોર વ્હીલરના લાયસન્સ માટે ટ્રાય આપવા આવ્યા હતા તેઓને પરત જવા માટેની વિનંતી કરી છે. જો સરકાર માંગણી નહીં સંતોષે તો આ મામલે ૧૧ મી ફેબ્રુઆરીએ માસ ઈંક પર ઉતરશે અને તેથી લોકોના કામો અટકશે.

જ્યારે અરજદાર કમલેશ શુક્લા એ જણાવ્યું હતું કે હું મૂળ ઉત્તર પ્રદેશમાં છું અને રાજકોટમાં એક કંપનીમાં જુનિયર એન્જિનિયર તરીકે ફરજ બજાવું છું મારે ટ્રાવેલિંગ ના કારણે ટુ-વ્હીલરના લાયસન્સની જરૂરિયાત હતી અને તે માટે એક મહિના પહેલા ડ્રાઈવિંગ ટેસ્ટ માટે અપોઈન્ટમેન્ટ લીધી હતી આજે જ્યારે હું અહીં પહોંચ્યો હતો ત્યાં લાવ્યો કે આરટીઓ ઈન્સ્પેક્ટર દ્વારા હડતાલ કરવામાં આવી છે જેને લીધે આજે ડ્રાઈવિંગ ટેસ્ટ નહીં આપી શકું. હું આજે ઓફિસમાં સ્પેશિયલ રજા મૂકીને ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવવા માટે ટેસ્ટ આપવા આવ્યો હતો. મારી મહિનાની સેલેરી ₹૨૧,૦૦૦ છે અને આજના દિવસની રજા મુકતા રૂ. ૭૦૦ કપાઈ જશે અને લાયસન્સ માટે ડ્રાઈવિંગ ટેસ્ટ પણ આપી નહીં શકું જેથી મારે બીજી વખત ડ્રાઈવિંગ ટેસ્ટ આવવું પડશે અને બીજી વખત રજા મૂકવી પડશે જેથી વહેલી તકે હડતાલ સમેટાઈ તેવી સરકારને વિનંતી છે.

અમદાવાદ સહિત રાજ્યભરમાં આજે તમામ આરટીઓ કચેરીનું કામકાજ ઠપ્પ થયું છે. કારણ કે તમામ ટેકનિકલ ઓફિસર દ્વારા સમૂહમાં લોગીન ન કરીને પોતાની માંગ રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત આવતીકાલે ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ તમામ આરટીઓમાં ટેકનિકલ ઓફિસર એટલે કે રાજ્યના ૭૦૦ જેટલા ટેકનિકલ ઓફિસર માસ ઈંક પર ઉતરશે. જેથી આવતીકાલે પણ અરજદારોને ધરમના ધક્કા ખાવા પડશે. આજે વહેલી સવારથી જ એક પણ ટેકનિકલ ઓફિસરે લોગીન ન કરતા તમામ અરજદારોને પાછા ફરવું પડ્યું હતું અને બપોર સુધીમાં અમદાવાદ પૂર્વ ખાતે આવેલી વસ્ત્રાલ આરટીઓમાં કોઈ ઓફિસર ન દેખાતા ખાલી ખમ પડી હતી. જ્યાં દરરોજ અનેક લોકો પોતાના કામકાજ થી લાંબી લાઈનો લગાવીને ઉભા હોય છે ત્યાં ચાલુ દિવસે પણ ખાલીખમ્મ ઓફિસ જોવા મળી હતી.




# એમ.ટી. ધમસાણીયા કોલેજ બંધ કરવા અને સદગુરુ મહિલા કોલેજમાં હોમ સાયન્સનો કોર્સ બંધ કરવા સૌ. યુનિ. અને શિક્ષણ વિભાગને પત્ર

## ■ ગ્રાન્ટેડ કોલેજ બંધ થશે તો વિદ્યાર્થીઓના ભવિષ્યનું શું?

રાજકોટ, તા. ૧૧: ગુજરાતમાં ગ્રાન્ટેડ કોલેજોની ઘટ વચ્ચે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ૧ એકર એટલે કે, અંદાજે રૂ. ૪૭ કરોડની કિંમતની કિંમતી જગ્યામાં ફેલાયેલી ધમસાણીયા ગ્રાન્ટેડ કોલેજ બંધ કરવા માટે શિક્ષણ વિભાગ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને પત્ર લખવામાં આવ્યો છે. જે કોલેજમાં ૫૦૦ વિદ્યાર્થીઓ વાર્ષીક રૂ. ૩૦૦૦ની નજીવી ફીથી અભ્યાસ કરી રહ્યા છે, તેઓને ખાનગી કોલેજોમાં ઊંચી ફી આપી લૂંટાવું પડશે. તો ૬ કાયમી અધ્યાપકોની નોકરી છીનવાશે અથવા રાજકોટની અન્ય કે રાજકોટ બહારની કોલેજમાં બદલી કરી દેવામાં આવશે. આ કોલેજ બંધ થયા બાદ અહીં કોમર્શિયલ ઉપયોગ થવાની ચર્ચા છે, પરંતુ કોલેજનો વહીવટ સંભાળનારે તે વાતને નકારી છે અને અન્ય ગ્રાન્ટેડ કોલેજ શિફ્ટ કરવાની વાત કરી છે.

જ્યારે ચૌધરી હાઈસ્કૂલ ચોક પાસેની ૮ એકર જગ્યામાં ફેલાયેલી સદગુરુ મહિલા કોલેજમાં હોમ સાયન્સનો બેચલર ડિગ્રીનો કોર્સ બંધ કરવા માટે શિક્ષણ વિભાગ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને પત્ર લખવામાં આવ્યો છે. અહીં ૮૧ દીકરીઓ રૂ. ૧૨૦૦ની નજીવી વાર્ષિક ફીથી અભ્યાસ કરી રહી છે. આ કોર્સ બંધ થતાં ૬ અધ્યાપકો અને ૧ લેબોરેટરી આસિસ્ટન્ટને મળેલી સરકારી નોકરી પર લટકતી તલવાર રહેશે. જોકે, આ સમગ્ર બાબતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવે કહ્યું કે, સૌપ્રથમ રાજ્ય સરકાર દ્વારા કોલેજ બંધ કરવા કે કોર્સ બંધ કરવા માટેની મંજૂરી આપવામાં આવશે તે બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આગળની પ્રક્રિયા કરાશે.

એમ. ટી. ધમસાણીયા કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી કિરણ ભાલોડીયાએ ઉચ્ચ શિક્ષણ કમિશનર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી અને ઈન્ચાર્જ કુલસચિવ ડો. રમેશ પરમારને કોલેજ બંધ કરવા માટે અરજી કરેલી છે. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રથમ વર્ષ, ૨૦૨૬-૨૭માં બીજુ વર્ષ અને ૨૦૨૭-૨૮માં ત્રીજુ વર્ષ બંધ




કરવા માટે લખવામાં આવેલું છે. જેમાં એમ પણ લખવામાં આવ્યું છે કે, ધમસાણીયા ગ્રાન્ટેડ કોલેજનું બિલ્ડિંગ ભાડા ઉપર ચાલે છે. રાજ્ય સરકાર દ્વારા માત્ર ૬ કાયમી શિક્ષકોની સેલેરી જ કરવામાં આવે છે. કોલેજના ડેવલોપમેન્ટ કે મેન્ટેનન્સ માટેનું કોઈ જ ફંડ આપવામાં આવતું નથી. કોલેજમાં વહીવટી સ્ટાફની અછત છે. અહીં ભણતા વિદ્યાર્થીઓ તાલુકા પ્લેસમાં બીકોમ અને બીબીએના કોર્સમાં અભ્યાસ કરી શકે છે અને ડિસ્ટન્સ લર્નિંગના માધ્યમથી ઈંત્ર્ણ્ઘ્ઞ કે બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ઘરે બેઠા અભ્યાસ કરી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, હાલમાં કાલાવડ રોડ ઉપર કણસાગરા મહિલા કોલેજ કેમ્પસમાં ભાલોડીયા કોલેજ ચાલે છે અને આ કોલેજને ધમસાણીયા કોલેજમાં શિફ્ટ કરવાની હોવાથી અમે ધમસાણીયા કોલેજ ક્રમશઃ બંધ કરવા માટે ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અરજી કરી છે. હાલમાં જે વાત ચાલી રહી છે કે, આ જગ્યાનો કોમર્શિયલ ઉપયોગ કરવામાં આવશે તે વાતમાં કોઈ જ તથ્ય નથી. અમે ભાલોડીયા ગ્રાન્ટેડ કોલેજ છે તે કોલેજને જ ધમસાણીયા કોલેજ કેમ્પસમાં શિફ્ટ કરવા માગીએ છીએ. હાલ કણસાગરા કોલેજમાં ૧૫૦૦ તો ભાલોડીયા કોલેજમાં ૮૦૦ દીકરીઓ નજીવી ફી સાથે અભ્યાસ કરી રહી છે.

જ્યારે શહેરના ચૌધરી હાઈસ્કૂલ ચોક પાસે આવેલી રાજકોટ કેળવણી મંડળ સંચાલિત સદગુરુ મહિલા હોમ સાયન્સ કોલેજ ટ્રસ્ટના ઉપપ્રમુખ નવીન ઠક્કરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજીસ્ટ્રાર અને સંયુક્ત શિક્ષણ નિયામકને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, ઈ.જ્ઞ્ભ. હોમ સાયન્સ કોર્સમાં છેલ્લા પાંચથી સાત વર્ષથી વિદ્યાર્થીઓની રુચિ ઘટતી જાય છે અને તેને કારણે વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. અહીં રાજ્ય સરકાર દ્વારા નિમણૂક કરાયેલા ૬ અધ્યાપકો અને ૧ લેબોરેટરી આસિસ્ટન્ટ છે. જેથી આ ડીગ્રી કોર્સ ક્રમશઃ ૩ વર્ષમાં બંધ કરવા માટે વિનંતી કરીએ છીએ. ૨૦૨૫-૨૬થી એટલે કે, નવા વર્ષથી આ કોલેજમાં B.Sc. હોમ સાયન્સ કોર્સમાં નવા એડમિશન નહીં આપીએ તેવી ખાતરી આપીએ છીએ. આ કોલેજ ૮ એકર જગ્યામાં ફેલાયેલી છે.

ગ્રાન્ટેડ કોલેજ બંધ થવા અંગે આવેલી અરજીઓ અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના પ્રમુખ ક્રિપાલસિંહ પરમારે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા વિદ્યાર્થી દીઠ માંડ રૂ. ૬૦ ગ્રાન્ટ આપવામાં આવે છે અને તે પણ છેલ્લા બે ત્રણ વર્ષથી બંધ છે. આ પ્રકારની પરિસ્થિતિમાં ગ્રાન્ટેડ કોલેજના ટ્રસ્ટીઓ નુકસાની વેઠી કોલેજ ચલાવે છે, પરંતુ હવે આ કોલેજો જ્યારે મોકાની જગ્યામાં આવેલી છે અને તે જમીન પણ કરોડોની કિંમતની છે. ત્યારે હવે નાણાં કમાવાના સાધન તરીકે કોલેજો બંધ કરવાનું શરૂ થયું છે. પરંતુ આ પ્રકારની ગ્રાન્ટેડ કોલેજો નજીવી ફી સાથે વિદ્યાર્થીઓને ભણાવતી હોય છે, ત્યારે ગ્રાન્ટેડ કોલેજો ધીમે ધીમે બંધ થઈ જશે તો અધ્યાપકો તો નોકરી વિહોણા થશે જ, પરંતુ સૌથી મોટું નુકસાન વિદ્યાર્થીઓને થશે ગ્રામ્ય વિસ્તારના કે શહેરી વિસ્તારના ગરીબ વિદ્યાર્થીઓ ઓછી ફીમાં નહીં ભણી શકે અને ખાનગી કોલેજોમાં ઊંચી ફી ભરી વિદ્યાર્થીઓને અને વાલીઓને લૂંટાવું પડશે. આ માટે અમે તો સરકારને રજૂઆત કરશું જ પરંતુ વિદ્યાર્થી સંગઠનો અને સમગ્ર સમાજ આ માટે લડત ચલાવે તે ખૂબ જ જરૂરી છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તડામાર તૈયારી કરતુ રાજકોટ જીલ્લા ભાજપ



## રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા પાંચ નગરપાલિકા અને છ તાલુકા પંચાયતમાં ચૂંટણીલક્ષી બેઠકનો ધમધમાટ

આગામી ફેબ્રુઆરી-૨૦૨૫માં યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંતર્ગત પ્રદેશ ચૂંટણી સમિતિના માર્ગદર્શન હેઠળ જીલ્લા સંગઠન પ્રભારીશ્રી ધવલભાઈ દવે અને જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાની રાહબરી હેઠળ રાજકોટ જીલ્લાની પાંચ નગરપાલિકા તથા છ તાલુકા પંચાયત સીટોની પેટા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે જીલ્લાના ચૂંટણી ઈન્ચાર્જ અને સહ-ઈન્ચાર્જ તેમજ પ્રવાસી કાર્યકર્તાઓને જે-તે વિસ્તારની કામગીરીની જવાબદારીના ભાગરૂપે બેઠકો યોજવામાં આવી હતી.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંતર્ગત માર્કેટિંગ યાર્ડ,ગોંડલ ખાતે સૌરાષ્ટ્ર ઝોનની બેઠક યોજાઈ

આગામી ફેબ્રુઆરી-૨૦૨૫માં યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંતર્ગત પ્રદેશ ચૂંટણી સમિતિના માર્ગદર્શન હેઠળ માન.સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીની અધ્યક્ષતામાં તથા સૌરાષ્ટ્ર ઝોન ચૂંટણી ઈન્ચાર્જશ્રીઓ બ્રિજેશભાઈ મેરજા, શ્રી વનરાજસિંહ ગોહિલ, પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, કેબીનેટમંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા, પૂર્વ મંત્રીશ્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં માર્કેટિંગયાર્ડ,ગોંડલ ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સૌરાષ્ટ્ર ઝોનની બેઠક યોજવામાં આવી હતી. આવનારી નગરપાલિકા તથા તાલુકા પંચાયત સીટોની પેટા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે આ બેઠકમાં જે-તે વિસ્તારના હોદેદારોને કામગીરીની જવાબદારી સોંપણી કરવામાં આવી હતી તેમજ ચૂંટણીની કામગીરી સુચારુ અને વ્યવસ્થિત રીતે યોજાય, તેની માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી હતી.




આ સૌરાષ્ટ્ર ઝોનની બેઠકમાં સાંસદશ્રી પૂનમબેન માંડમ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડો.ભરતભાઈ બોઘરા, રાજકોટ જીલ્લા સંગઠન પ્રભારીશ્રી ધવલભાઈ દવે, જામનગર જીલ્લા પ્રભારીશ્રી ભાનુભાઈ મેતા, કચ્છ જીલ્લા પ્રભારીશ્રી કશ્યપભાઈ શુક્લ, પોરબંદર જીલ્લા પ્રભારીશ્રી પ્રદીપભાઈ ખીમાણી, રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, જામનગર જીલ્લા અધ્યક્ષશ્રી રમેશભાઈ મૂંગરા, મોરબી જીલ્લા અધ્યક્ષશ્રી રણછોડભાઈ દલવાડી, દેવભૂમિ દ્વારકા મયુરભાઈ ગઢવી, કચ્છ જીલ્લા અધ્યક્ષશ્રી દેવજીભાઈ વરચંદ, પોરબંદર જીલ્લા અધ્યક્ષશ્રી રમેશભાઈ ઓડેદરા, ધારાસભ્યશ્રીઓ ડો.મહેન્દ્રભાઈ પાડલીયા, શ્રી મેઘજીભાઈ ચાવડા, શ્રી કાંતિભાઈ અમૃતિયા સહીતના સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જીલ્લા પ્રભારીશ્રીઓ, જીલ્લા અધ્યક્ષશ્રીઓ, જીલ્લાના મહામંત્રીશ્રીઓ, ચૂંટણીના જીલ્લાના ઈન્ચાર્જશ્રીઓ સહીતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કલેકટર કચેરી ખાતે પીજીવીસીએલની સમીક્ષા બેઠક યોજાઈ

## પી.એમ.સૂર્યઘર મુફ્ત વીજળી, સોલાર વિલેજ, સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશન સહિતની કામગીરી અંગે સમીક્ષા કરાઈ




રાજકોટઃ રાજકોટ કલેકટર કચેરી ખાતે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ (પી.જી.વી.સી.એલ.) ની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં પી.જી.વી.સી.એલ.ના ડેપ્યુટી ઈજનેરશ્રી એમ.બી.સુથારે પ્રેઝન્ટેશનના માધ્યમથી રાજકોટના વિવિધ વિસ્તારોમાં સોલાર રૂફ અડોપશનની કામગીરી, મીડિયમ વોલ્ટેજ, કવર્ડ કંડકટર, ટ્રાન્સફોર્મર, સ્માર્ટ મીટર સહિત મેઈન્ટેનન્સની કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદ, પી.જી.વી.સી.એલ. રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી જતીન ઉપાધ્યાય, રાજકોટ શહેર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી જીગ્નેશ ઉપાધ્યાય, ડેપ્યુટી એન્જિનિયર શ્રી બી. આર.ગોસાઈ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# લાખાજીરાજ અને નવા નાકા રોડ પર બે મિલ્કત સીલ કરાઈ: વેરા વસુલાત શાખા દ્વારા ૩૯ લાખની રીકવરી



રાજકોટઃ મહાપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા ચાલતી રીકવરી ઝુંબેશમાં આજે વધુ બે મિલ્કત સીલ કરવામાં આવી છે. વોર્ડ નં.૭ના લાખાજીરાજ રોડ અને નવા નાકા રોડ પર આવેલ એક-એક મિલ્કત સીલ કરાઈ હતી. સોની બજારના પાંચ યુનિટમાંથી રૂા. ૧ લાખ, વોર્ડ નં.૫ના માર્કેટ યાર્ડ પાસે રીકવરી થઈ હતી.તો યાર્ડ રોડ પર એક નળ કનેકશન કાપવામાં આવ્યું હતું. આજે બપોર સુધીમાં ૩૯ લાખની રીકવરી થઈ હતી તો ચાલુ નાણાકીય વર્ષમાં આજ સુધીની વેરાની આવક રૂા.૩૫૩.૬૧ કરોડ પર પહોંચ્યાનું વિભાગે જણાવ્યું હતું.

# આજ સુધીમાં રાજકોટથી કુંભમાં ૨૫૦ મુસાફરોએ એસ.ટી.ની વોલ્વોનો લાભ લીધો

## તા.૨૪ સુધીનું બુકીંગ પણ ફુલ તા.૨૫માં ૬ મુસાફરો નોંધાયા




રાજકોટ, તા.૧૦

ગત તા.૪થી રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા કુંભ મેળામાં જવા માટે ખાસ પેકેજ સાથેની વોલ્વો બસ સેવા શરૂ થઈ છે અને આ બસને વ્યાપક પ્રતિસાદ પણ મળી રહ્યો છે ત્યારે રાજકોટ એસટી વિભાગનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ આજ તા.૧૦ સુધીમાં રાજકોટથી કુંભ માટે એસટીની વોલ્વો મારફતે ૨૫૦ જેટલા મુસાફરો ગયા છે અને હજુ આગામી તા.૨૪ સુધીની બસોનું બુકીંગ ફુલ થઈ ગયું છે.

આ અંગેની એસ.ટી. વિભાગનાં સૂત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ આજે તા.૧૦નાં રોજ ૪૫ મુસાફરો કુંભમાં ગયા હતા.જયારે તા.૧૧મીએ ૪૫, ૧૨મીએ ૪૩, તા.૧૩ મીએ-૪૩, તા.૧૪ના રોજ-૪૩, ૧૫મીએ-૪૩, ૧૬મીએ-૪૩ તથા તા.૧૭ના રોજ-૪૩, ૧૮મીએ-૪૩, તા.૧૯ના રોજ-૪૩, તા.૨૦ના રોજ ૪૩, તા.૨૧મીએ ૪૦, તા.૨૨ના રોજ-૪૩, તા.૨૩મીએ-૪૨ અને તા.૨૪ના રોજ-૪૨ મુસાફરો વોલ્વો દ્વારા કુંભમાં જશે. જયારે તા.૨૫-૨ માટે ૬ મુસાફરોએ આજ સુધીમાં બુકીંગ કર્યું છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.11/2/2025 TUESDAY


ભાજપ સતા યથાવત રાખવા અને કોંગ્રેસ સત્તા ખૂંચવી લેવા કમર કસીએ મેદાને...

# હળવદ પાલિકાની ચૂંટણીમાં સ્થાનિક મુદ્દા પરિણામમાં ફેરબદલ કરાવે તેવા એંધાણ

## પાલિકાની ચૂંટણીમાં ભાજપ એ સત્તા ટકાવી રાખવા એડી ચોટીનો જોર લગાવ્યું..

આ વખતની હળવદ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ ઉપરાંત સૌ પ્રથમ વખત આપ અને બસપા એ પણ ઝંપલાવ્યું છે ત્યારે ૨૮ બેઠક માટે કુલ ૭૦ ઉમેદવારો મેદાનમાં છે અને હાલમાં ઉમેદવારો પોતપોતાના વિસ્તારોમાં ઢોલ નગારા સાથે પ્રચાર જોર સોરથી પ્રચાર કરી દીધો છે ત્યારે આ ચૂંટણીમાં ભાજપ સતા ટકાવી રાખવા એડી ચોટીનો જોર લગાવી રહ્યુછે તો બીજીઉ કોંગ્રેસ પણ સતાં મેળવવા માટે કમર કસી રહ્યું છે સાથે સાથે આપ અને બસપા પણ એડી ચોટી નું જોર લગાવી દીધુ છે. શહેરમાં ચોમાસા દરમિયાન પાણી ભરાઈ રહેવા નગરજનોને ભારે મુશ્કેલી પડી હતી તેમજ ગંદકી પાણી સફાઈ ગંદા પાણીનો નિકાલ ,જેવા અને પ્રશ્નો લોકોની સમસ્યાઓ હતી. નગરજનો માં ભારે




આક્રોશ જોવા મળી રહ્યો છે તેમજ પાયાની સુવિધાઓ તૂટેલા રોડ રસ્તા ઉભરાતી ગટરો તથા ગંદકી પીવાના ગંદા પાણીથી નગરજનો કંટાળી ગયા હતા. જેથી ભાજપ માટે હાલમાં કપરા ચડાણ લાગી રહ્યા છે ત્યારે બંને રાજકીય પક્ષો સત્તા કબજે કરવા એડી ચોટીનું જોર લગાવી દીધું છે.હળવદ વાસીઓમાં રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે આ વખતે હળવદ નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, બસપા,એ પણ ચુંટણી માં ઝંપલાવ્યું છે.

અંતે નગરપાલિકા માં વહીવટદા એ ચાર્જ સંભાળ્યો હતો શહેરીજનો રોડ રસ્તા પાણી તેમજ અન્ય પ્રશ્નો પાલિકાના સત્તાધીશો ઉકેલ લાવવામાં નિષ્ફળ રહ્યા હોય તેવું લોકોમાં ચર્ચા રહ્યું છે.

જ્યારે બીજી બાજુએ હળવદ નગરપાલિકા પર કબજો મેળવવા કોંગ્રેસ પક્ષ અને આમ આદમી પાર્ટી અને બસપા એ પણ એડી ચોટીનું જોર લગાવી દીધું છે નગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે જંગ જામશે તેવું પણ રાજકીય વિશ્લેષકો જણાવી રહ્યા છે. હળવદની વિવિધ પ્રાથમિક સુવિધા ના મુદ્દે પ્રજાજનોમાં રોષ જોવા મળી રહ્યો છે અને આગામી ચૂંટણીમાં હળવદ મતદારોનું મૂડ અલગ જ હોય તેમ લાગી રહ્યું છે નગરપાલિકાની આગામી ચૂંટણી માટે ૧૬ મી ફેબ્રુઆરીએ ચૂંટણી યોજવાની છે.


# આજે "ઈન્ટરનેટ સુરક્ષા દિવસ"



વર્તમાન સમયમાં વિશ્વ આખું એક ગામડું બન્યું છે ત્યારે આ પાછળ ઈન્ટરનેટની વધુ પડતી પ્રસિદ્ધિ અને ઉપયોગીતા જવાબદાર છે તેવું ચોક્કસપણે કહી શકાય. એક રીતે જોઈએ તો ઈન્ટરનેટ ખુબ જ ઉપયોગી સાબિત થયું છે. આજે વિશ્વનાં કોઈ એક ખૂણામાં રહેતો માણસ ઈન્ટરનેટ થકી પ્રસિદ્ધિ પામી શકે છે તો બીજી તરફ લોકોનાં ધંધા રોજગાર પણ ઈન્ટરનેટ થકી વધ્યા છે, વળી આમાં દેશ આર્થિક વૃદ્ધિ પામે એ તો ખરું જ પરંતુ શું આ ઈન્ટરનેટ લોકો માટે, સમાજ માટે ખરેખર સુરક્ષિત છે ખરું ? પ્રાઈવસી પોલીસીથી લઈને ઓટીટી પ્લેટફોર્મમાં પ્રસારિત થતું કન્ટેન્ટ, અવારનવાર થતા સાઈબર ક્રાઈમ્સ શું એ જ સુરક્ષિત ઈન્ટરનેટનું પરિમાણ છે ? વર્તમાન સમયમાં જયારે આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ આવ્યું છે ત્યારે માનવનાં અસ્તિત્વ પર જ સવાલ ઉઠ્યો છે. હજુ બેરોજગારીનાં પ્રશ્નો ઉકેલાયા નથી ત્યાં આ પ્રકારે આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સનાં ઉપયોગથી વધુ લોકોની રોજગારી છીનવાય એવું પણ બને. ખાસ કરીને ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસારિત થતાં કાર્યક્રમ પર નિયમન આવ્યું હોવા છતાં હજુ ગંદી ગાળો,અશ્લીલતા અને વ્યભિચાર, માંસ મટન આરોગતા દ્રશ્યો, સુરુચિ ભંગ થાય તેવા દ્રશ્યો, સનાતન સંસ્કૃતિ વિરુદ્ધના દ્રશ્યો વગેરે ઘણું બધું સતત દર્શાવવાંમાં આવે છે. અમુક કાર્યક્રમો માતા-પુત્ર, સસરા-વહુ, દિયર-ભાભી, શિક્ષક-વિદ્યાર્થીનાં પવિત્ર સંબંધને વ્યભિચારનાં સ્વરૂપે દર્શાવે છે, જે ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધ છે. આ ઉપરાંત આવા કાર્યક્રમને જોવાથી વ્યક્તિનાં માનસ પર વિકૃત અસર થાય છે. ઓટીટી પર પ્રસારિત થતાં કાર્યક્રમની નવી ગાઈડલાઈનમાં ગંદી ગાળો અને અશ્લીલતાઓને શબ્દશઃ મંજૂરી આપવામાં આવી છે,જે ચિંતાનો વિષય છે.

### સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી–૨૦૨૫

# રાજકોટ જિલ્લાના શ્રમયોગીઓને મતદાન માટે રજા મળશે



## કર્મચારી/કામદારોને વારાફરતી ત્રણ કલાકની રજા મળશે

રાજકોટઃ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય, મધ્યસત્ર કે પેટા ચૂંટણીઓ તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ને રવિવારના રોજ યોજાશે. ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટસ ( રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડિશન ઓફ સર્વિસ) એક્ટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/ કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ને રવિવાર - મતદાનના દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે તેમ મદદનીશ શ્રમ આયુક્ત રાજકોટ દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ટ્રાન્સપોર્ટના ધંધાર્થીએ દારૂ પીધેલી હાલતમાં અકસ્માત સર્જ્યો

## સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર પર ચડી વીજપોલ સાથે અથડાઈ; સ્થાનિકોએ કારચાલકને ઝડપી પોલીસના હવાલે કર્યો




રાજકોટઃ રાજકોટમાં દારૂ પીધેલી હાલતમાં કાર ચલાવી અકસ્માત સર્જવાનો સિલસિલો યથાવત રહ્યો છે. શહેરમાં ગત મોડી રાત્રે રૈયા રોડ ઉપર આલાપ ચોક પાસે દારૂ પીધેલી હાલતમાં નીકળેલા એક કારચાલકે કાર ડિવાઈડર ઉપર ચડાવી વીજપોલ સાથે અથડાવી દીધી હતી અને તેથી અકસ્માત સર્જાયો હતો. જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ મોડી રાત્રે થયેલા અકસ્માત બાદ લોકો ત્યાં એકઠા થઈ ગયા હતા અને કારચાલકને પકડી પોલીસના હવાલે કર્યો હતો. જેના વીડિયો સામે આવ્યા છે.

શહેરના યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, સાધુ વાસવાણી રોડ ઉપર સેલ્ટેસ સોસાયટીમાં રહેતા અને ટ્રાન્સપોર્ટના ધંધાર્થી જીગ્નેશ કાનજીભાઈ લોખીલ રવિવારે મોડી રાત્રે રૈયા રોડ ઉપર આલાપ ચોક પાસેથી કાર લઈને પસાર થતા હતા. ત્યારે તેઓ નશાની હાલતમાં હોવાથી કાર ડિવાઈડર પર ચડાવી દેતા અકસ્માત સર્જાયો હતો. જોકે સદનસીબે કોઈ જ જાનહાનિ થઈ ન હતી, પરંતુ બાદમાં પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી અને કારચાલક સામે દારૂ પીધેલી હાલતમાં ડ્રાઈવિંગ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે.

ટ્રાન્સપોર્ટના ધંધાર્થી ગઈકાલે રાત્રે ૧૨૧૫ વાગ્યા આસપાસ પોતાની GJ-03-LG-7577 નંબરની ક્રેટા કાર લઈને રૈયા રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે તેઓ નશાની હાલતમાં હોવાથી સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો અને કાર ડિવાઈડર ઉપર ચડાવી દીધી હતી.

# સરકારી કારમાં રાજકોટના મેયર પ્રયાગરાજ પહોંચતા વિવાદ

# પ્રજાના પૈસે મેયર પાપ ધોવા ગયા!

## સ્ટેન્ડિંગ ચેરમેને કહ્યું- 'નિયમ મુજબ કમિશનરની મંજૂરી લઈને જ ગયા છે'



રાજકોટઃ રાજકોટના મેયર સરકારી વાહન લઈને પ્રયાગરાજ કુંભમેળામાં પહોંચતા વિવાદ સર્જાયો છે. વિપક્ષે પ્રજાના પૈસે પાપ ધોવા ગયા હોવાનો આક્ષેપ કર્યો છે. તો સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને નિયમ મુજબ જ કમિશનરની મંજૂરી મેળવીને મેયર કુંભમેળામાં ગયા હોવાનું કહ્યું હતું. મેયર જ્યારે સરકારી વાહન લઈ પર્સલન પ્રવાસે જાય ત્યારે રાજકોટ મનપામાં થયેલા ઠરાવ મુજબ પ્રતિ કિમી ૨ રૂપિયા ચૂકવવાના હોય છે. નક્કી કરાયેલા આ દરને લઈ પણ વિપક્ષે સવાલ ઉઠાવ્યો છે. મેયરની કાર પર કપડા સૂકાતા હોવાનો વીડિયો સામે આવતા વિપક્ષે રાજકોટનું અપમાન ગણાવ્યું હતું.

રાજકોટના મેયર નયના પેઢડિયાનો કુંભ પ્રવાસમાં વિવાદમાં આવ્યો છે. પ્રજાના ટેક્સના પૈસે ચાલતી સરકારી કાર લઈને રાજકોટના મેયર મહાકુંભના પ્રવાસે જવા ઉપડી ગયા છે. ભાજપના મહિલા મોરચાના અધ્યક્ષ, મેયરના પતિ સહિત કુલ ૬ મહિલા બહેનપણી સાથે પ્રવાસ કર્યો. ત્યારે સરકારી કારમાં રાજકોટના મેયરનો ખાનગી પ્રવાસ સામે અનેક સવાલો ઉઠ્યા છે. રાજકોટના મેયર નયનાબેનનો કુંભ પ્રવાસ વિવાદમાં આવ્યો છે.

મેયર મંજૂરી મેળવીને રાજ્યની બહાર ગયા છે. સરકારી ગાડીના વપરાશ માટે કિલોમીટર દીઠ ૨ રૂપિયા મેયરને મહાનગરપાલિકાને ચૂકવવાના રહે છે. સ્ટેન્ડીંગમાં ઠરાવ છે તે મુજબ ભાડું પણ ચૂકવવાનું રહે છે. તેમજ, પ્રયાગરાજ ખાતે મેયર નયનાબેન પેઢડિયાની ગાડી પર મહિલાઓના કપડા સુકાતા હોઈ તેવા ફોટો પણ સામે આવ્યા હતા. ત્યારે મેયરની ગાડી પર મહિલાઓના કપડાં સુકાવવા જયમીન ઠાકરે અયોગ્ય ગણાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સરકારી ગાડીઓનો આ પ્રકારે ખાનગી ઉપયોગ કેટલો યોગ્ય. અને જો આ રીતે સરકારી ગાડીઓનો તમામ પદાધિકારીઓ ભાડે લઈને ઉપયોગ કરતા થયા, તો ગાડીઓને સરકારી કામ માટે ક્યારે વાપરવી. કોઈ સરકારી કામ માટે ગાડીની જરૂર પડી તો શું ભાડેથી ગાડીઓ લાવવાની. સ્ટેન્ડિંગ કમિટિની આ જાહેરાતથી સરકારી ગાડીઓ ખાનગી પ્રવાસમાં વપરાવા લાગશે તો મહાનગરપાલિકા ટ્રાવેલ ઓફિસ બની જશે. જ્યાં મનફાવે તેમ કોઈ પણ સરકારી અધિકારી ગાડી લઈને ફરવા ઉપડી જશે. બીજો મુદ્દો એ કે, માર્કેટમાં ૧૦ રૂપિયાથી લઈને ૧૫ રૂપિયા કિલોમીટર દીઠ ગાડીઓ ભાડેથી મળે છે. ત્યારે ૨ રૂપિયા કિલોમીટર દીઠ ભાડું એટલે સરકાર પર વધુ એક બોજો. આટલો સસ્તો પ્રવાસ મહાનગરપાલિકા ઓફર કરતી હોય તો, પછી કોઈ બહારની ગાડીઓ કેમ બુક કરાવે. પાલિકાઓની ગાડીઓ લઈને જ ન ફરે.

### મેયર નિયમ મુજબ જ કાર લઈને ગયા છે- સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન

મેયરની કાર ઉપર કપડાંઓ સુકાતા હોવાના ફોટા સામે આવવા અંગે તેમણે જણાવ્યું હતું કે, આ બાબત પણ અયોગ્ય છે. પરંતું કદાચ મેયરના ધ્યાન બહાર હોય તેમ બની શકે છે. જોકે સરકારી કાર પર આ રીતે કપડાઓ સૂકવવા એ યોગ્ય નહીં હોવાનું તેમણે સ્વીકાર્યું હતું. આ ઉપરાંત મેયર અન્ય લોકોને સાથે લઈ ગયા હોવા મુદ્દે તેમણે જણાવ્યું કે તેઓ મહિલા હોવાને કારણે તેમનાં પતિ સાથે ગયા હોવાનું મારા ધ્યાનમાં છે. પરંતુ તેઓની સાથે અન્ય કોણ મહિલાઓ છે તે અંગે કોઈ જાણકારી મારી પાસે નથી.

### પ્રજાના પૈસે તાગડધિન્ના કરવાનું બંધ કરો- અતુલ રાજાણી

રાજકોટ શહેર કોંગ્રેસનાં પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, રાજકોટનાં મેયર પ્રજાનાં ખર્ચે માત્ર ૨ રૂપિયા પ્રતિકિમી ચૂકવીને મહાકુંભનાં પ્રવાસે ગયા છે, જે ખરેખર યોગ્ય નથી. તેમાં પણ ગાડી ઉપર કપડાં સૂકવવા એ રાજકોટ શહેરની જનતાનું અને રાજકોટની ગરિમાનું અપમાન છે. શુ તેમને કપડાં સૂકવવા અન્ય કોઈ જગ્યા મળી નહીં ? બજારમાં ઓછામાં ઓછા ૧૦ રૂપિયા પ્રતિ કિ.મી ભાવ ચાલે છે. જેની સામે માત્ર ૨ રૂપિયા ચૂકવવા એ પ્રજાના રૂપિયાનો દુરુપયોગ છે. આવા નિયમો બતાવીને સ્ટેન્ડિંગ ચેરમેન મેયરનો આડકતરો બચાવ કરી રહ્યા હોય તેવું મારુ માનવું છે. મેયર પ્રજાના પૈસે તાગડધીના કરવાનું બંધ કરે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે. આવી રીતે બધાને સાથે લઈને જવું હોય તો પ્લેન કે ટ્રેનમાં જવું જોઈએ. રાજકોટનાં પ્રથમ નાગરિક ત્યાં ગાડી લઈને જાય અને કાર ઉપર કપડાં સુકવે તે રાજકોટની જનતાનું અપમાન છે.

### પ્રજાના પૈસે પાપ ધોવા પહોંચ્યા- વશરામ સાગઠિયા

રાજકોટનાં મેયર નયનાબેન પેઢડીયા સરકારી કારમાં જ મહાકુંભનાં પ્રવાસે પહોંચ્યા હોવાનું સામે આવ્યું છે. આ માટે તેમણે નિયમ મુજબ મ્યુ. કમિશ્નરની મંજૂરી લીધી હતી. એ મુજબ પ્રતિકિમી માત્ર રૂ. ૨ ચૂકવી મેયર પ્રયાગરાજ પહોંચ્યા છે. એટલું જ નહીં આ માટે તેમની સાથે મહિલા મોરચા અધ્યક્ષ કિરણ માંકડિયા સહિતનાં લોકો પણ સંગમમાં ડૂબકી લગાવવા પહોંચ્યા છે. જેને લઈ મનપાનાં શાસકો પ્રજાનાં પૈસે અગ્નિકાંડનાં પાપ ધોવા આવ્યા હોવાનો વિપક્ષે આક્ષેપ કર્યો છે.

### નિયમ મુજબ ગયા હોવાથી બીજો કોઈ પ્રશ્ન રહેતો નથી- ધારાસભ્ય

ધારાસભ્ય દર્શીતા શાહે આ અંગે જણાવ્યું હતું કે, ૧૪૪ વર્ષ બાદ પ્રયાગરાજમાં મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. માત્ર ભારત નહીં પરંતુ વિશ્વના તમામ લોકોને ત્યાં સ્નાન કરીને પુણ્ય મેળવવાની આશા હોય છે. ત્યારે દેશ-વિદેશમાંથી ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. તેમાં આપણા રાજકોટનાં મેયર પણ મહાકુંભમાં ગયેલા છે. અને તેઓ સરકારી કાર લઈને ગયા છે. જોકે તેના માટેની નિયમ મુજબની મંજૂરી મેળવ્યા બાદ જ મેયર નયનાબેન ગયા હોવાથી બીજો કોઈ પ્રશ્ન રહેતો નથી.





# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફ્રાન્સ-અમેરિકાનો પ્રવાસ શરૂ

## પાંચ દિવસની મુલાકાત દરમિયાન એઆઈ સહિતના ટેક-વ્યાપાર-ઉદ્યોગ અને સંરક્ષણ ક્ષેત્રે મહત્વના સોદાઓ થશે

નવી દિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખુબ જ મહત્વની ગણાતી ફ્રાન્સ અને અમેરિકાની પાંચ દિવસની મુલાકાત આજથી શરૂ થઈ રહી છે. પીએમ મોદી સંરક્ષણ સહયોગ અને વેપાર ભાગીદારી વધારવાના ઉદ્દેશ્ય સાથે આ બંને દેશોની મુલાકાતે છે. પીએમ મોદી તેમના બે દેશોના પ્રવાસના પ્રથમ સ્ટોપના ભાગરૂપે આજે ફ્રાન્સમાં હશે. તેઓ ૧૦ ફેબ્રુઆરીથી ૧૨ ફેબ્રુઆરી સુધી પેરિસમાં રહેશે. આ સમય દરમિયાન, તેઓ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એક્શન સમિટની સહ-અધ્યક્ષતા કરશે. ખાસ કરીને મોદીની અમેરિકા મુલાકાત પર દેશના આર્થિક નિષ્ણાંતો, ઉદ્યોગ-વ્યાપાર જગતના લોકોની નજર છે. અમેરિકામાં જે રીતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરીફ વોર છેડયુ છે તે પછી ભારત તેમાં કેવુ બચી શકે છે તે મહત્વની બની રહેશે.

વડાપ્રધાન મોદી ફ્રાન્સમાં આવતીકાલથી પ્રારંભ થનારી આર્ટીફીશ્યલ-ઈન્ટેલીજન્સ એકશન સમીટમાં ભાગ લેશે. જેમાં વિશ્વના ટોચના રાષ્ટ્રનેતાઓ પણ હાજર રહેનાર છે અને ખાસ કરીને એઆઈમાં જે રીતે હવે નવી સ્પર્ધા છેડાઈ છે તથા તેના ઉપયોગથી જોખમો પણ વધ્યા છે તેના પર ચર્ચા થશે. તેઓ તા.૧૩ના અમેરિકા પહોંચશે, જયાં તેઓ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના શોર્ટ-નોટીસ આમંત્રણથી પહોંચી રહ્યા છે અને આજે દેશો વચ્ચે જે વ્યાપાર ખાધ છે તે મુદે ચર્ચા થશે. અમેરિકા ઈચ્છે છે કે તેમના ઉત્પાદનોને ભારતમાં હળવા-ટેરીફથી પ્રવેશ મળે, જેથી મહત્વપૂર્ણ નિર્ણય લેવાઈ શકે છે. હાલમા જ કેન્દ્રીય બજેટમાં જે રીતે અનેક ઉત્પાદનો પર આયાત જકાત ઘટાડાઈ તે મોદી સરકારનું પ્રથમ પગલુ છે જે બાદ હવે ટ્રમ્પને ખુશ કરવા કેવા પગલા લેવાશે તે પ્રશ્ન છે. તો ડોનાલ્ડ ટ્રમ્પ હવે કવાડ લશ્કરી સમજુતી જે ચીન અને ખાસ કરીને દક્ષિણ ચીન મહાસાગરમાં ચાઈનીઝ અંકુશ સામે છે તે મુદે ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જાપાનની સંયુક્ત લશ્કરી તાકાત માટે બાઈડન તંત્રએ જે વ્યુહ ઘડયા હતા તેને આગળ વધારશે તેના પર નજર છે. ફ્રાન્સની મુલાકાતમાં ભારતીય નૌકાદળ માટે સી-રાફેલ લડાયક વિમાન ખરીદીનો સોદો થશે અને અમેરિકા સાથે પણ સી-હોક હેલીકોપ્ટર, ડ્રોન સહિતના લશ્કરી સોદા કરીને ભારત ટ્રમ્પના ટેરીફથી બચવા માટે કવાયત કરશે.

વડાપ્રધાન મોદી ૧૦ ફેબ્રુઆરીએ પેરિસ પહોંચશે અને સાંજે એલિસ પેલેસમાં રાષ્ટ્રપતિ મેક્રોન સાથે ડિનર કરશે. આ ડિનરમાં ઘણી મોટી ટેકનેલોજી કંપનીઓના સીઈઓ પણ હાજરી આપશે.બીજા દિવસે એટલે કે ૧૧ ફેબ્રુઆરીએ એઆઈ એક્શન સમિટની સહ અધ્યક્ષતા કરશે. પીએમ મોદીની પેરિસ મુલાકાતને લઈને વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે અમે આ સમિટમાં ઘણી ઘોષણાઓની અપેક્ષા રાખીએ છીએ. અમને એઆઈ એપ્લિકેશન્સમાં રસ છે જે વાપરવા માટે સલામત અને વિશ્વસનીય છે. આ દરમિયાન પીએમ મોદી ઈન્ડિયા-ફ્રાન્સ સીઈઓ ફોરમને પણ સંબોધિત કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પેરિસ બાદ સીધા અમેરિકા પહોંચશે. તેમનો અમેરિકન પ્રવાસ બે દિવસનો હશે, જ્યાં તેઓ ૧૨ થી ૧૪ ફેબ્રુઆરી સુધી રોકાશે. આ દરમિયાન તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. તેઓ ઘણા બિઝનેસ લીડર્સ અને ભારતીય સમુદાયના સભ્યોને પણ મળશે. વડાપ્રધાન મોદીનો અમેરિકન પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે ટ્રમ્પે હાલમાં જ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ૧૦૪ ઈમિગ્રન્ટ્સને ભારત પરત મોકલી દીધા છે.

## પીએમ મોદી અને ટ્રમ્પ વચ્ચે આઠમી મુલાકાત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રથમ મુલાકાત ૨૬ જૂન ૨૦૧૭ના રોજ વોશિંગ્ટનમાં થઈ હતી. બીજી બેઠક ૩૦ નવેમ્બર ૨૦૧૮ ના રોજ બ્યુનોસ એરેસ, આર્જેન્ટિનામાં થઈ હતી. ત્રીજી મીટિંગ ઓસાકા, જાપાનમાં ૨૮ જૂન ૨૦૧૯ના રોજ, ચોથી મીટિંગ ૨૬ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ ફ્રાન્સમાં અને પાંચમી મીટિંગ ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ અમેરિકાના હ્યુસ્ટનમાં યોજાઈ હતી. બંને નેતાઓની છઠ્ઠી બેઠક ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ ન્યુયોર્ક, યુએસએમાં થઈ હતી, જ્યારે સાતમી બેઠક ૨૪-૨૫ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ અમદાવાદમાં થઈ હતી.

# રાજકોટના આર્યનગરમાં ડબલ મર્ડર

## બે પરપ્રાંતીય પરિવાર વચ્ચેની માથાકૂટ હત્યા સુધી પહોંચી, એક ભાઈનું ઘટનાસ્થળે અને બીજાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત







રાજકોટમાં સોમવારની રાત્રીએ ડબલ મર્ડર ની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે. આર્યનગરમાં એક મકાનમાં જ ઉપર નીચે રહેતા બે પરપ્રાંતીય પરિવાર વચ્ચેની માથાકૂટ હત્યા સુધી પહોંચી હતી. શહેરના સંત કબીર રોડ ઉપર આર્ય નગરમાં રહેતા ૨ સગા ભાઈ પર અજાણ્યા શખસોએ છરી વડે જીવલેણ હૂમલો કર્યો હતો. જેમાં એક ભાઈનું ઘટના સ્થળે તો અન્યનુ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું છે.

શહેરનાં સંત કબીર રોડ ઉપર રહેતા પરપ્રાંતિય અમિત જૈન અને વિક્કી જૈન નામના બંને ભાઈઓ પર આજે રાત્રે અજાણ્યા શખ્સો દ્વારા છરી વડે હૂમલો કરવામાં આવ્યો હતો. જેમાં બન્ને યુવાનને પેટ અને શરીરના અન્ય ભાગો ઉપર છરીના ઘા મારવામાં આવ્યા હતા જેને કારણે એક ભાઈ તો લોહી લુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો તો અન્ય ભાઈને ગંભીર હાલમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવ્યો હતો જોકે સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન બીજા ભાઈનુ પણ મૃત્યુ નિપજ્યું હતું

શહેરના સંત કબીર રોડ નજીકના આર્યનગર ૬માં ભાડાના મકાનમાં રહેતા બે પરિવાર વચ્ચે સોમવારે રાત્રીના દશેક વાગ્યે ધમાલ થઇ ગઇ હતી, છોટુશંકર ગુપ્તા નામના શખ્સે અમિત રાજુભાઇ જૈન (ઉ.વ.૨૯) અને તેના નાનાભાઇ વિકી રાજુભાઇ જૈન (ઉ.વ.૨૫)ને છરીના ઘા ઝીંકી દીધા હતા, છરીના આડેધડ ઘા ઝીંકાતા બંને ભાઇઓ લોહિયાળ હાલતમાં ઘર નજીક રસ્તા પર આવીને પટકાયા હતા, અને ઘટનાને પગલે વિસ્તારના લોકો એકઠા થઇ ગયા હતા, જાગૃત નાગરિકે જાણ કરતા ૧૦૮ની ટીમ સ્થળ પર પહોંચી હતી અને અમિત તથા વિકીને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જેમાં વિકી જૈનનું મોત નીપજ્યું હતું, જ્યારે અમિતને તાત્કાલિક ઓપરેશન થિયેટરમાં ખસેડવામાં આવ્યો હતો, જો કે, મેડિકલ ટીમની સારવાર કારગત નીવડી ન હતી અને તેનું પણ મૃત્યુ નીપજ્યું હતું.

શહેરમાં સોમવારની રાત્રીએ એક સાથે ૨ ભાઈઓની કરપીણ હત્યા થઈ હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે ત્યારે મોડી રાત્રે પોલીસ કાફલો સિવિલ હોસ્પિટલે પહોંચી ગયો હતો અને હત્યારાઓને ઝડપી લેવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે અને કયા કારણોથી બંને ભાઈઓને હત્યા નીપજાવવામાં આવી તે અંગે પોલિસે ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટમાં જાહેરમાં મારામારી,નજીવી બાબતે ઘાતક હથિયારો કાઢવા, લુખ્ખાગીરી કરવી હવે સામાન્ય વાત!

આજની રાજકોટ શહેરની પોલીસ શહેરીજનોની સુરક્ષામાં રસ ન હોય તેમ રામ ભરોસે મૂકી ઘોર નિંદ્રામાં પોઢી ગઈ હોય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. કેમ કે, એક પણ દિવસ એવો નથી ગયો કે, જાહેરમાં હથિયારો સાથે લુખ્ખાઓ બેફામ બન્યાં ન હોય અને શહેરને બાનમાં લીધું ન હોય. થોડાં સમય પહેલા જ ડીજીપી વિકાસ સહાયની અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ ગઈ અને તેમાં ડિજીપીએ સેખી મારી હતી કે, મોડી રાતે મહિલાઓ સહિત સામાન્ય નાગરિક બિન્દાસ નીકળી શકે છે, તેની જવાબદારી મારી છે. પણ રાજકોટમાં હકીકત અલગ જ છે. અહીં તો દિવસે પણ શહેરમાં તમારે નિકળવું હોય તો સાત વાર વિચારવું પડે કેમ કે, લુખ્ખાઓનો ગમે તે સમયે અને ગમે ત્યાં સામનો થઈ શકે અને જો તમે તેના સામું જોયું તો પણ તે તીક્ષ્ણ હથિયાર સાથે ઉતરી જાહેરમાં મારામારી પર ઉતરી આવે છે. અમદાવાદમાં થયેલા તથ્યકાંડમાં નવ નવ ઝીંદગી મોતને ભેંટી હતી. તે બાદ પણ બાપ કમાઈ બાબુડિયાઓ સુધારતા નથી અને મધરાત્રે દારૂ ઢીંચીને પોલીસના ડર' વગર વાહનો લઈ નીકળી પડે છે અને પોતાના ઘરે કે કામધંધે જઈ રહેલા સામાન્ય લોકોને હડફેટે લઈ મોતને ઘાટ ઉતારી નાસી છૂટે છે. ટ્રાફિક પોલીસ પણ તેટલી જ જવાબદાર છે કેમ કે, જે જગ્યાએ વહીવટી 'કળા' થતી હોય તે જગ્યાએ પોલીસનો જમાવડો હોય છે અને જે સર્કલ પર વાસ્તવિકતામાં ટ્રાફિક હોય ત્યાં એક ટીઆરબી હોય છે, જે પણ સુષુપ્ત અવસ્થામાં હોય છે.

### બજેટમાં દેશના મિડલવર્ગને મજબૂત બનાવ્યો, હવે તે વર્ગ ભાજપને વધુ તાકાતવાર બનાવશે

# દિલ્હી પરિણામો દેશભરના રાજકારણ પર અસર કરશે

**ભાજપનું બીજુ નિશાન હશે પ.બંગાળ : તૃણમુલના ‘આયાતી’ નેતાઓ સફળ થયા નથી : ભાજપ ખુદને મજબૂત બનાવશેઃ પંજાબમાં તો વાઈબ્રેશન શરૂ પણ થઈ ગયા છે; હવે ભગવંત માન માટે પણ કેજરીવાલ ‘મોડેલ’ નહી રહેઃ બિહાર ચુંટણી તાત્કાલિક ટાર્ગેટ : નિતિશ માટે આ છેલ્લી ચૂંટણી બની જશે : સંઘ પણ હવે વધુ સક્રીય બની જશે**




નવી દિલ્હીઃ ૨૦૨૫ના પ્રારંભે જ યોજાયેલી દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો હવે આગામી દિવસોમાં દેશના રાજકારણ અને શાસન વ્યવસ્થામાં મોટા ફેરફાર લાવશે. ૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં ભાજપને ખુદની બહુમતી મળી નહી અને બે સાથી પક્ષોના ટેકાથી સરકારનું ગઠન કર્યા બાદ બે ટર્મની મોદી સરકાર હવે નબળી પડી છે.

તેવી જે છાપ સર્જાઈ હતી અને તે પછી વિપક્ષો પણ આક્રમક બન્યા હતા તે પરીસ્થિતિ દિલ્હીના વિજય બાદ ભાજપે પુરેપુરી બદલી નાખી છે અને આગામી દિવસોમાં તેના પડઘા જોવા મળશે. દિલ્હીમાં હવે ભાજપ પુરી તાકાતથી સતા પર આવ્યુ છે અને તેથી આ પક્ષનો વિશ્વાસ વધી ગયો છે.

એકમાત્ર ઝારખંડમાં ભાજપ-એનડીએને જે પરાજય મળ્યો તે બાદ કરતા પહેલા ઝારખંડ અને બાદમાં મહારાષ્ટ્રની ચુંટણીઓ પુરી બહુમતીથી જીતી પછી તેના નવા રાજકીય સમીકરણો પણ જોવા મળશે અને મોદી સરકાર પણ હવે જે રીતે દિલ્હી ચુંટણીના પરિણામોએ કેન્દ્રીય બજેટને દેશની જનતાની મંજુરીની મહોર તરીકે જોવામાં આવશે.

રૂા.૧૨ લાખ સુધીની આવકવેરા મુક્તિ એ મોદી સરકારનો જીતનો મંત્ર બની ગયો છે. તેના આધારે સરકારની સ્વીકાર્યતા વધી છે તે નિશ્ચિત છે અને હવે દિલ્હીના ભૂકંપની આફટર ઈફેકટ પણ આમ આદમી પાર્ટી અનુભવશે. ખાસ કરીને અરવિંદ કેજરીવાલ, મનીષ સીસોદીયા અને સત્યેન્દ્ર જૈનની વ્યક્તિગત મુશ્કેલીઓ વધશે. દિલ્હીમાં જે રીતે જ પરિણામો સાથે સચીવાલય ‘સીલ’ કરાયું અને તપાસ ફાઈલો હવે ભાજપ શાસનની સરકાર કબ્જે કરીને કેજરીવાલ અને તેની ટીમ સામે ખાસ તપાસ ટીમ (સીટ) મારફત નવા કેસ દાખલ થાય તેવી શકયતા છે.

પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર છે તેના પર હવે દબાણ વધશે. દિલ્હીની ચુંટણીના પરાજય માટે જે રીતે આમ આદમી પાર્ટી કોંગ્રેસ પર ઠીકરૂ ફોડવા પ્રયાસ કરે છે તે પછી બન્ને પક્ષો વચ્ચે તો તનાવ વધી ગયા છે અને ૨૦૨૭માંજ આ રાજયમાં ફરી ધારાસભા ચૂંટણી છે. ભાજપ હવે ૨૦૨૯ની લોકસભા ચુંટણી પુર્વે જનારા રાજયોમાં કેન્દ્રીત થશે તો ભાજપનું ધ્યાન હવે પશ્ચિમ બંગાળ પર પણ હશે જયાં કેજરીવાલ કરતા પણ વધુ મજબૂત ગણતા મમતા બેનરજી સતામાં છે અને લોકસભા ચૂંટણીમાં પણ પ.બંગાળમાં ભાજપને મોટી પછડાટ સહન કરવી પડી હતી.

તેથી પક્ષ માટે પ.બંગાળ એ ડબલ ટ્રબલ બની રહ્યું છે તો ખાસ કરીને અગાઉ તૃણમુલ કોંગ્રેસમાંથી જે નેતાઓની ‘આયાત’ કરીને મમતા બેનરજીનો દબદબો તોડવાના પ્રયાસ થયા હતા તે નિષ્ફળ નિવડયા છે તેથી ભાજપે હવે તેની જ તાકાત આ રાજયમાં કામે લગાડવી પડશે તે નિશ્ચિત છે. બીજી તરફ મહારાષ્ટ્રમાં ભાજપની શિવસેના શિંદે તથા અજીત પવાર એનસીપીના ટેકાથી સરકાર છે જે ભાજપ માટે સ્વીકાર્ય સ્થિતિ નથી પણ લોકસભાનું ગણીત જોતા આ બન્નેનો સાથ હાલ જરૂરી છે.

તેથી હાલ આ રાજયમાં ખાસ કરીને શિંદે જે રીતે વધુ મજબૂત થવા પ્રયાસ કરે છે તેને રોકીને ભાજપ ખુદને મજબૂત કરવા પ્રયાસ કરશે. ખાસ કરીને મુંબઈ મહાપાલિકા સહિતની ચુંટણીઓમાં ભાજપ કેવો વ્યુહ અપનાવે છે તેના પર નજર છે. અહી પણ વિશાળ મિડલ કલાસ મતદારો એ ભાજપ માટે મત આપે તે નિશ્ચિત કરાશે.

# મહિલાઓની ધરપકડ સૂર્યાસ્ત પછી પણ થઈ શકે : હાઈકોર્ટ

### મદ્રાસ હાઈકોર્ટે કહ્યું કે, મહિલાઓની ધરપકડનો નિયમ ફક્ત માર્ગદર્શિકા : પોલીસ ખાસ કેસમાં નિયમ તોડી શકે પરંતુ કારણ અપવું જરૂરી

ચેન્નાઈ,તા.૧૦



મદ્રાસ હાઈકોર્ટે મહિલાઓની ધરપકડના નિયમો સ્પષ્ટ કર્યા છે. હાઈકોર્ટે કહ્યું છે કે, સૂર્યાસ્ત પછી અને સૂર્ય ઉદય પહેલાં મહિલાઓની ધરપકડ ન કરવાનો નિયમ ફક્ત એક માર્ગદર્શિકા છે, હાઈકોર્ટે કહ્યું કે પોલીસ આ નિયમને તોડી પણ શકે છે.ન્યાયાધીશ જી.આર. સ્વામિનાથન અને ન્યાયમૂર્તિ એમ જોથિરામાને ડિવિઝન બેંચે કહ્યું, કે ’આ જોગવાઈ પાછળ એક સારું કારણ છે. ધરપકડ કરનારા અધિકારીઓને આ ચેતવણી છે કે જો પોલીસ આ નિયમનું પાલન ન કરે તો ધરપકડ ગેરકાયદેસર બનશે નહીં. પરંતુ અધિકારીએ તે નિયમનું પાલન કેમ ન કરી શક્યાં તે કારણ સમજાવવું પડશે.

નિયમમાં બે બાબતો કહેવામાં આવી છે. પ્રથમ, ખાસ કિસ્સાઓ સિવાય, સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચે મહિલાઓની ધરપકડ કરી શકાતી નથી. બીજું, ખાસ કિસ્સાઓમાં પણ, વિસ્તારનાં મેજિસ્ટ્રેટ સમક્ષ પરવાનગી લેવી પડશે. નિયમ વિશેષ બાબત શું હશે તેનો ઉલેખ કરતો નથી. હાઈકોર્ટે કહ્યું કે સલમા કેસમાં કોર્ટનાં ન્યાયાધીશે મહિલાઓની ધરપકડ માટે માર્ગદર્શિકા આપી હતી.

ન્યાયાધીશોએ કહ્યું કે, ’અમને લાગે છે કે આ દિશાનિર્દેશો ફક્ત નિયમની ભાષાને પુનરાવર્તિત કરે છે. આ પોલીસકર્મીઓની સમસ્યા હલ કરતું નથી. તેમણે વધુમાં કહ્યું કે ’અમે પોલીસ વિભાગને વધુ માર્ગદર્શિકા આપવાની સૂચના આપીએ છીએ.આ માર્ગદર્શિકામાં, તે સ્પષ્ટ રીતે કહેવું જોઈએ કે ખાસ કેસો શું હશે. એસેમ્બલી બીએનએસની કલમ ૪૩ પણ બદલી શકે છે. ભારતનાં કાયદા પંચે તેનાં ૧૫૪ મા અહેવાલમાં સૂચવ્યું છે.

કોર્ટે કહ્યું કે વિચારો, જો પોલીસ રાત્રે કોઈ મહિલા ગુનેગારને પકડવા માંગતી હોય તો પોલીસ શું કરશે ? ધારો કે, એક મહિલા ચોર રાત્રે ચોરી કરે છે. શું પોલીસ તેની સવાર થવા સુધી રાહ જોશે ? આવી સ્થિતિમાં, તે ભાગી જશે! તેથી, કોર્ટે કહ્યું કે નિયમ ફક્ત એક માર્ગદર્શિકા છે. દર વખતે તેનું પાલન કરવું જરૂરી નથી.

પરંતુ પોલીસે આનો લાભ પણ લેવો જોઈએ નહીં. કોઈ પણ સ્ત્રીને રાત્રે કોઈ કારણ વિના ધરપકડ કરવી જોઈએ નહીં. તેથી, પોલીસે વધુ સ્પષ્ટ માર્ગદર્શિકા લેવાની જરૂર છે. જેથી પોલીસકર્મીઓને ખબર પડે કે તેઓ ક્યારે નિયમો તોડી શકે છે અને ક્યારે નહીં. આ નિર્ણય મહિલાઓ અને પોલીસની જવાબદારી સંતુલિત કરવાનો પ્રયાસ છે. મદ્રાસ હાઈકોર્ટે મહિલાઓની ધરપકડના નિયમો સ્પષ્ટ કર્યા છે. હાઈકોર્ટે કહ્યું છે કે, સૂર્યાસ્ત પછી અને સૂર્ય ઉદય પહેલાં મહિલાઓની ધરપકડ ન કરવાનો નિયમ ફક્ત એક માર્ગદર્શિકા છે, હાઈકોર્ટે કહ્યું કે પોલીસ આ નિયમને તોડી પણ શકે છે.

ૐકારા

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

## સ્વભાવ ને સંજોગો સાથે સેટ કરવો, એ જ આપણી સફળતા!!
## કર્મો પ્રત્યે સજાગ રહીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111


ENGLISH INSTITUTE RAVI
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યક્તિઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યક્તિગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 9824581306

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે

## તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

**98983 17826**



**અને જોડાઇ જાવ અમારી સાથે...**

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062